પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૧/૦૬/૨૦૨૬, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૨ જેઠ સુદ-૭ વર્ષ : ૧૭ અંક : ૧૬૧


**સુવિચાર**

''એક સારૂં પુસ્તક માણસને પસ્તી બનતા રોકી શકે છે.''


:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.


## મેઘરાજાએ પાલિકાની પ્રિ-મોન્સુનની કામગીરીની પોલ ખોલી

# અમરેલીમાં ધોધમાર પોણા બે ઈંચ જેટલો વરસાદ પડયો

| | | | |
|---|---|---|---|
| અસહ્ય બફારા વચ્ચે બપોર બાદ ૪૦થી ૫૦ મિનીટ સુધી દે ધનાધન શરૂ | આગાહી વગર જ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થતાં સૌ કોઈ ખૂશીથી ઝુમી ઉઠયા | લાયબ્રેરી રોડ, જિલ્લા પંચાયત રોડ, નાના બસ સ્ટેન્ડ સહિતનાં વિસ્તારમાં ગોઠણડૂબ પાણી ભરાયા | અનેક રહેણાંક વિસ્તારો અને કોમર્શિયલ વિસ્તારમાં પણ પાણી ભરાયા |



અમરેલી, તા. ૨૦
અમરેલી જિલ્લામાં ચોમાસાએ આખરે જોરદાર આગમન કરતા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરી હતી. અમરેલી શહેરમાં ધોધમાર વરસાદ વરસતા માત્ર થોડા જ સમયમાં ૪૧ મી.મી. વરસાદ નોંધાયો હતો. વરસાદનાં પગલે શહેરનાં અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા, જયારે ગ્રામ્ય વિસ્તારોમાં પણ સારા વરસાદથી ખેડૂતોમાં ખૂશીનો માહોલ છવાઈ ગયો છે.
અમરેલી શહેરમાં વરસાદી ઝાપટા બાદ અચાનક ધોધમાર વરસાદ શરૂ થયો હતો. નાના બસ સ્ટેન્ડ,

**અનુસંધાન પાના ૬ ઉપર**

### ડીઆઈજી અને પોલીસ અધિક્ષકનાં માર્ગદર્શનતળે પોલીસે સપાટો બોલાવ્યો

# બાબરા પોલીસે ભાવનગર-રાજકોટ હાઈવે ઉપરથી ટાટા ૪૦૭માં લઈ જવાતી દારૂની ૬,૨૮૮ બોટલને ઝડપી લીધી

### સ્થાનિક પોલીસે ૧૩.૬૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આરોપીની શોધખોળ આદરી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૨૦
બાબરા પોલીસ સ્ટેશનના પીઆઈ આર.આર. પરમારની રાહબરી હેઠળ પોલીસે રૂા. ૧૩.૬૧ લાખથી વધુના વિદેશી દારૂ અને વાહન સહિતનો મુદ્દામાલ ઝડપી પાડી દારૂના ગેરકાયદેસર વેપારને મોટો ફટકો આપ્યો છે.

મળતી માહિતી મુજબ બાબરા પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે એએસઆઈ કિરણભાઈ સોલંકી અને હેડ કોન્સ્ટેબલ રાજભા વાઘેલાને બાતમી મળી હતી કે, ભાવનગર તરફથી એક ટાટા ૪૦૭ વાહનમાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ભરાઈને પસાર થવાનો છે. બાતમીના આધારે ભાવનગર-રાજકોટ હાઈવે પર મારૂતિ હોટલ નજીક પોલીસ દ્વારા વોચ ગોઠવવામાં આવી હતી.

દરમિયાન શંકાસ્પદ ટાટા ૪૦૭ વાહન દેખાતા તેને રોકવાનો પ્રયાસ કરાયો હતો, પરંતુ ચાલકે વાહન ઉભું રાખ્યું ન હતું. પોલીસ દ્વારા પીછો કરતા આગળ જઈ વાહન ઉભું રાખી ચાલક અંધારાનો લાભ લઈ ખેતરોમાં ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ વાહનની તપાસ કરતાં તેમાં ૧૫૧ પેટી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે કુલ ૬,૨૮૮ બોટલ વિદેશી દારૂ કિંમત રૂા. ૯,૬૧,૯૨૦ તથા ટાટા ૪૦૭ વાહન કિંમત રૂા. ૪ લાખ મળી કુલ રૂા. ૧૩,૬૧,૯૨૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. ફરાર આરોપી સામે ગુજરાત પ્રોહિબિશન એકટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે બાબરા પોલીસ દ્વારા છેલ્લા થોડા દિવસોમાં સતત ત્રણથી ચાર મોટા દારૂના જથ્થા ઝડપી પાડવામાં આવ્યા છે. પીઆઈ આર.આર. પરમારના અસરકારક નેતૃત્વ અને સ્થાનિક પોલીસ તેમજ ડી-સ્ટાફના મજબૂત નેટવર્કના કારણે દારૂની હેરાફેરી અને કટીંગના ગેરકાયદેસર ધંધા પર અસરકારક નિયંત્રણ જોવા મળી રહ્યું છે. પોલીસની સતત સતર્કતા અને બાતમીદારોના

**અનુસંધાન પાના ૬ ઉપર**


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,33,500/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૨૦/૦૬/૨૦૨૬ ના રોજ હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

( જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા )
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪
ડોકટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.)
ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S.)
ડો. દ્રષ્ટિ પંડયા (ઓપીડી ફીજીયોથેરાપીસ્ટ)
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઇન્ટરવેન્શનલ કાર્ડિઓલોજીસ્ટ) મો. ૮૧૯૭૩ ૯૧૫૬૬
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. - ગાયનેક, ઇન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ) મો. ૯૯૧૩૬ ૪૮૪૩૦

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ફ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૫૫

અપોલો હોસ્પિટલ્સ-અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી અમરેલી માં...
Apollo HOSPITALS
દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. જતીન વખારિયા, કન્સલટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન, MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS
દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. પાર્થ જોષી, MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર), મિનિમલી ઇન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઇન સર્જન
દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. શ્રેયા બુટાલા, MD, DM Gastro (SGPGIMS), Consultant Gastroenterologist and Hepatologist
દર મહિનાના ત્રીજા શુક્રવારે — ડો. પ્રિતિશ શાહ, એમબીબીએસ,એમડી (મેડિસિન), ડીઆરએનબી (નેફ્રોલોજી) કન્સલટન્ટ નેફ્રોલોજિસ્ટ
આસ્થા હોસ્પિટલ
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : +91 8238984000 & 7698815315
અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧-એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ - ગાંધીનગર. 8401801066

આધુનિક મશીનરી ધરાવતી એકમાત્ર અમરેલી જિલ્લાની દાંતની હોસ્પિટલ
અર્થ દાંતની હોસ્પિટલ
ડો. ભગીરથ બી. વાળા (B.D.S. ડેન્ટલ સર્જન)
જડબામાં સ્ક્રુ વડે ફિક્સ દાંત, ચોકઠાના નિષ્ણાંત
ઉપલબ્ધ સારવાર
- સડી ગયેલા દાંતને બચાવવાની સારવાર
- દાંતની બત્રીસી (બધા જ દાંતનું ચોકઠું)
- દાંત પર લગાવાતા કવર-કેપ (મેટલ તેમજ સીરામીક)
- દુઃખાવા વગર દાંત કાઢવાની સુવિધા
- નાના બાળકોના તમામ દાંત અને પેઢાની સારવાર
- ઓછા ખુલતા મોઢાની સારવાર
સરનામું : પહેલો માળ, રાજકમલ ચોક, ઠાકરથાળની સામે, અમરેલી મો. ૮૪૯૦૦ ૩૮૩૦૩

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો,જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
● ઉદાસી રોગ ● મરવાના વિચાર આવવા ● વિચારવાયુ ● વહેમ, શંકા ● મંદબુદ્ધિ બાળકોની સારવાર
● ચિંતા - ટેન્શન ● માથાનો દુઃખાવો ● જાતિય રોગો ● વ્યસનમુકિત : દારૂ,બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિધા ઉપલબ્ધ...

## જિલ્લા કોંગ્રેસનાં ઉપપ્રમુખ ટીકુભાઈ વરૂએ મુખ્યમંત્રીને વિસ્તૃત પત્ર પાઠવ્યો

# રાજુલા–જાફરાબાદ પંથકમાં સોલાર પ્રોજેક્ટ અને વીજલાઈનની કામગીરીમાં વ્યાપક અનિયમિતતા

### ખેડૂતોની સંમતિ વગર જ અમુક કિસ્સામાં વીજ વિતરણ માટેનાં પોલ ઉભા કરાતાં હોવાનો આક્ષેપ

અમરેલી, તા. ૨૦

રાજુલા–જાફરાબાદ વિસ્તારમાં પવનચક્કી, સોલાર પ્રોજેકટો અને વીજ લાઈન કામોમાં અનિયમિતતાઓની ઉચ્ચસ્તરીય તપાસની માંગ.

અમરેલી જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ ટીકુભાઈ વરૂ દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને વિગતવાર રજૂઆત કરીને રાજુલા–જાફરાબાદ વિસ્તાર ખાતે ચાલી રહેલા પવનચક્કી, સોલાર પ્રોજેકટો અને વીજ સપ્લાય લાઈનોના



કામોમાં અનિયમિતતા થતી હોવાની ફરિયાદો અંગે ઉચ્ચસ્તરીય તપાસની માંગ કરવામાં આવી છે.

રજુઆતમાં જણાવાયું છે કે ખેડૂતોની સંમતિ વિના તેમની જમીનમાં વીજ સપ્લાયના પોલો ઉભા કરવામાં આવી રહ્યા હોવાની ફરિયાદો છે. ખેડૂતોને યોગ્ય અને બજારભાવ મુજબનું વળતર મળતું નથી તેમજ જમીન માલિકોને પૂરતી માહિતી આપ્યા વિના કામગીરી કરવામાં આવતી હોવાના આક્ષેપો પણ કરવામાં આવ્યા છે.

### ખેડૂતોને બજાર ભાવ પ્રમાણે આર્થિક વળતર પણ ચુકવવામાં આવતું નથી

તેમજ ગૌચર જમીન, સરકારી ખરાબા, ચેકડેમ, બંધારા અને રક્ષિત જંગલ વિસ્તારોમાં વીજ પોલો તથા સંબંધિત માળખાકીય સુવિધાઓ ઉભી કરવામાં આવી હોવાની ફરિયાદોની પણ નિષ્પક્ષ તપાસ કરાવવા માંગ કરવામાં આવી છે. નેશનલ હાઈવે નં. ૫૧ અને સ્ટેટ હાઈવે નં. ૧૦૭ નજીક આવેલા કેટલાક વિસ્તારોમાં નિયમોનું પાલન થયું છે કે નહીં તેની પણ તપાસ જરૂરી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

વધુમાં જણાવાયું છે કે, પવનચક્કી અને સોલાર પ્રોજેકટોના કામ દરમિયાન ભારે વાહનો અને મશીનરીની અવરજવરને કારણે અનેક ખેડૂતોના ખેતરોમાં જવાના પરંપરાગત રસ્તાઓને નુકસાન થયું છે. ચોમાસાની ઋતુ શરૂ થવાના કારણે ખેડૂતોને ખેતી સંબંધિત કામગીરીમાં મુશ્કેલીઓ પડી રહી છે. નુકસાન પામેલા રસ્તાઓનું તાત્કાલિક સમારકામ અને પુનઃ નિર્માણ કરાવવા માંગ કરવામાં આવી છે.

### ભારે વાહનો અને મશીનરીની અવરજવરથી અનેક માર્ગોને પણ નુકસાની થઈ રહી છે

વધુમાં જણાવાયું છે કે, રાજુલા–જાફરાબાદ તથા દરિયાકાંઠાના વિસ્તારોમાં વધી રહેલા પવનચક્કી અને સોલાર પ્રોજેકટો, ઔદ્યોગિક પ્રવૃત્તિઓ તથા કુદરતી વસવાટમાં થતા ફેરફારોને કારણે એશિયાટિક સિંહોના રહેઠાણ અને અવરજવર પર અસર થતી હોવાની સ્થાનિકોમાં વ્યાપક ચિંતા હોવાનું પણ જણાવ્યું છે. છેલ્લા કેટલાક સમયગાળામાં ભાકોદર, કોવાયા, ખાલસા, કંથારિયા, હેમાળ સહિતના વિસ્તારોમાં માનવ–સિંહ સંઘર્ષની ઘટનાઓ સામે આવી હોવાનું ધ્યાન દોરવામાં આવ્યું છે.

તેમણે જણાવ્યું છે કે ધારી તાલુકાના ભાડેર ગામ ખાતે પર્યાવરણીય સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને સોલાર પ્રોજેકટ રદ કરવામાં આવ્યો હતો, ત્યારે રાજુલા–જાફરાબાદ વિસ્તારના નવા પવનચક્કી અને સોલાર પ્રોજેકટોની પણ સમાન ધોરણે સમીક્ષા થવી જોઈએ.

### રાજ્ય સરકાર દ્વારા સોલાર પ્રોજેક્ટની કામગીરીની તટસ્થ તપાસ થાય તે જરૂરી છે

ગ્રામ પંચાયતની જરૂરી એનઓસી વિના મંજૂરી આપવામાં આવી છે કે નહીં તેની તપાસ કરવાની માંગ સાથે વન વિભાગ, પર્યાવરણ વિભાગ અને અન્ય સંબંધિત વિભાગો દ્વારા સંયુકત અભ્યાસ કરીને સિંહોના કુદરતી વસવાટ, અવરજવર માર્ગો અને વિકાસકાર્યોની અસરો અંગે વિગતવાર અહેવાલ તૈયાર કરવાની માંગ પણ કરવામાં આવી છે.

આ ઉપરાંત, ખેડૂતોને યોગ્ય વળતર, જમીન અને જાહેર સંપત્તિના કાયદેસર ઉપયોગની ચકાસણી, ગ્રામ્ય માર્ગોના પુનઃનિર્માણ અને સમગ્ર મામલે જવાબદાર અધિકારીઓ, કંપનીઓ તથા અન્ય સંબંધિત પક્ષો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

વધુમા જણાવ્યું કે ખેડૂતોના હિતો, ગ્રામ્ય વિસ્તારોના વિકાસ, પર્યાવરણના સંરક્ષણ અને એશિયાટિક સિંહોના કુદરતી વસવાટના રક્ષણ વચ્ચે સંતુલન જળવાય તે માટે રાજય સરકાર તાત્કાલિક અને અસરકારક પગલાં ભરે તેવી માંગ અંતમાં કરેલ છે.

---

## જિલ્લામાં અપમૃત્યુની ૨ ઘટના ઘટી

# વડિયાનાં દેવળકી ગામનાં યુવકનું દીવાલ ઉપરથી પડી જવાથી મોત થયુ

### શાપર ગામનાં ખેડૂતનું બાઈક સ્લીપ થતાં મોત

અમરેલી, તા. ૨૦

વડિયાનાંદેવળકીગામેરહેતા બાદુરભાઈ ભગવાનજીભાઈ દુદકીયા નામના ૪૦ વર્ષિય યુવક ગત તા. ૧૮નાં સાંજે ૫ વાગ્યાના સમય દરમિયાન દેવળકી ગામે ભીમાભાઈ કાળુભાઈ ટોળીયાનાં ઘરે દીવાલ પાડવાનું કામ કરતા હોય અને અચાનક જ દીવાલ પડતા યુવકને શરીરે ઈજા થતાં તેમને સારવાર અર્થે જેતપુર સિવિલ હોસ્પિટલ ખાતે લાવતા ફરજ પરના ડોકટરે મરણ જાહેર કરેલ હતા.

બીજા બનાવમાં બગસરા તાલુકાના શાપર ગામે રહેતા ચતુરભાઈ ફુલાભાઈ ત્રાપસીયા નામના ૫૯ વર્ષિય ખેડૂત ગત તા. ૧૯નાં સવારનાં ૧૧:૧૫ પહેલા કોઈપણ સમયે બગસરા ગામે ઝાંઝરીયા રોડ ઉપર આવેલ કેનાલ પાસે, મેલડી માતાના મંદિરે જવાના કાચા રસ્તેથી પસાર થતાં હતા ત્યારે પોતાના હવાલાવાળા મોટર સાયકલ પરનો કાબુ ગુમાવતા મોટર સાયકલ સ્લીપ થતાં માથાનાં પાછળના ભાગે ગંભીર ઈજા થતાં તેમનું મોત નિજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

---

## અમરેલી ક્રાઈમ બ્રાન્ચની ટીમની કામગીરી

# સાવરકુંડલા તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ઘરફોડી ચોરીનાં ગુન્હાનાં પાંચ આરોપીની અટકાયત

### રૂપિયા ૩.૬૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરાયો

અમરેલી, તા. ૨૦

આશરે એકાદ મહિના પહેલા સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામે એક મકાનમાં ઓસરીની લોખંડની જાળી ગ્રીલના નકુચા તોડી, દરવાજાનાં નકુચાના તાળુ તોડી, મકાનમાં પ્રવેશ કરી, મકાનમાંથી રોકડ રૂપિયા ૯૦,૦૦૦ તથા સોના–ચાંદીના દાગીનાઓની ચોરી કરી લઈ ગયેલાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

આ બનાવમાં અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. સી.પી. વાઘેલાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ મિલકત સબંધી આરોપીની સઘન તપાસ દરમ્યાન બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે પાંચ શકમદ પંચમહાલ પંથકમાં રહેતા પ્રવિણસિંહ નવલસિંહ પગી, દાહોદ પંથકના બાબુભાઈ જગાભાઈ તુવર, મહીસાગર પંથકના પપ્પુભાઈ ઉર્ફે પીન્ટુ પન્નાભાઈ રાવળ તથા સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામે



રહેતા બાવચંદભાઈ ભીખાભાઈ પરમાર સહિત પાંચેય ઈસમોની સઘન પુછપરછ કરતા સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામે એક મકાનમાંથી રોકડ રકમ તથા દાગીનાની ચોરી કરેલની કબુલાત આપતા આરોપીઓની રોકડા રૂપિયા ૨૬,૦૦૦, મોબાઈલ ફોન નંગ ૪ કિંમત રૂપિયા ૩૬,૦૦૦ તથા એક ફોરવ્હીલ નં. જી.જે.–૦૬ પીએ–૮૨૪૫ કિંમત રૂપિયા ૫,૦૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૫,૬૨,૦૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુન્હાની ડીટેકટ કરવામાં એલ.સી.બી. ટીમને સફળતા મળેલ છે.

પકડાયેલ ઈસમોની સઘન પુછપરછ કરતાં આશરે એકાદ મહિના પહેલા પાંચેય ઈસમો તથા દિલીપ નાયક રહે.ગોધરા) વાળા મળી છ ઈસમોએ સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામે એક મકાનમાં ઓસરીની લોખંડની જાળી ગ્રીલના નકુચા તોડી, દરવાજાનાં નકુચાના તાળુ તોડી, મકાનમાં પ્રવેશ કરી, મકાનમાંથી રોકડ રૂપિયા ૯૦,૦૦૦ તથા સોના ચાંદીના દાગીનાઓની ચોરી કરી લઈ ગયેલાની હકિકત જણાવેલ છે.

---

## ગાંધીનગરનાં એન.ડી.પી.એસ. એકટનાં ગુન્હામાં

# બાબરા : છેલ્લા ૨ વર્ષથી નાસતા–ફરતા આરોપીની પોલીસે અટકાયત કરી

### આરોપીને ગાંધીનગર પોલીસને હસ્તગત કરાયો

બાબરા, તા. ૨૦

બાબરા પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સપેકટર આર.આર. પરમારનાં સીધા માર્ગદર્શન હેઠળ બાબરા પોલીસ ટીમ ધ્વારા સ્ટેટ મોનિટરીંગ સેલ પો.સ્ટે. ગુ.ર.નં. ૦૦૮/૨૦૨૫ એન.ડી.પી.એસ. એકટ કલમ ૮(સી), ૨૦ (બી) ૨ (સી), ૨૯ મુજબના ગુન્હાનાં કામના



છેલ્લા બે વર્ષથી નાસતા–ફરતા આરોપી મોઈન જીકરભાઈ સોલંકી (રહે. બાબરા) ને બાબરા પોલીસ ટીમ ધ્વારા ટેકિનકલ વર્કઆઉટ તથા હ્યુમન સોર્સ ધ્વારા ચોક્કસ હકિકત મેળવી આરોપીને ટ્રેક કરી પકડી પાડી એસ.એમ.સી. પો.સ્ટે. ગુ.રા. ગાંધીનગરને વધુ કાર્યવાહી અર્થે હસ્તગત કરેલ છે.

---

## શિક્ષણ ક્ષેત્રનાં પવિત્રધામ ગણાતાં શાળામાં બનેલ કથિત ઘટનાથી હોબાળો

# ધારીનાં છતડીયા ગામની પ્રાથમિક શાળામાં એક શિક્ષકે વિદ્યાર્થીની સાથે છેડતી કર્યાનો સહ શિક્ષિકાનો આક્ષેપ

### ઘટનાની જાણ થતાં વાલીઓ અને ગ્રામજનો શાળાનાં પટાંગણમાં એકત્ર થયા






અમરેલી, તા. ૨૦

ધારી તાલુકાના છતડીયા ગામે આવેલી પ્રાથમિક શાળામાં એક શિક્ષિકા અને સહ શિક્ષક વચ્ચે થયેલા વિવાદે ભારે ચર્ચા જગાવી છે. એક શિક્ષક દ્વારા વિદ્યાર્થીની સાથે અયોગ્ય વર્તન અને છેડતી કરવામાં આવી હોવાના ગંભીર આક્ષેપો શિક્ષિકા દ્વારા કરવામાં આવતા શાળા પરિસરમાં હોબાળો મચી ગયો હતો. ઘટનાને પગલે વાલીઓ અને સ્થાનિક લોકો પણ મોટી સંખ્યામાં શાળાએ દોડી આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર, શાળામાં ફરજ બજાવતા એક મહિલા શિક્ષિકાએ પોતાના સહશિક્ષક સામે વિદ્યાર્થીની સાથે છેડતી કરતા હોવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો. આ મુદ્દે બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી સર્જાઈ હતી. શિક્ષિકા દ્વારા કરવામાં આવેલા આક્ષેપોના પગલે શાળાનું વાતાવરણ તંગ બની ગયું હતું અને ઘટનાની જાણ થતાં વાલીઓ તેમજ ગ્રામજનો પણ શાળાના પટાંગણમાં એકત્ર થયા હતા.

જાહેરમાં થયેલી બોલાચાલી અને આક્ષેપ–પ્રત્યાઆક્ષેપના દ્રશ્યોનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં સમગ્ર પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે. ઘટનાને લઈને વિવિધ તર્ક–વિતર્કો શરૂ થયા છે.

બીજી તરફ, મહિલા શિક્ષિકાએ સમગ્ર મામલે પોલીસ સમક્ષ લેખિત રજૂઆત કરી હોવાનું જાણવા મળ્યું છે. જયારે આક્ષેપોના નિશાન બનેલા સહશિક્ષકે પોતાના ઉપર લગાવવામાં આવેલા આક્ષેપોને નકારી કાઢયા હોવાનું અને પોતાની કારકિર્દી બગાડવાના હેતુથી આ પ્રકારનું કૃત્ય કરવામાં આવી રહ્યું હોવાનો દાવો કર્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

હાલ સમગ્ર મામલો પોલીસ અને સંબંધિત શિક્ષણ તંત્રના ધ્યાન પર પહોંચ્યો છે. ઘટનાની સત્યતા અંગે તપાસ બાદ જ હકીકતો સ્પષ્ટ થઈ શકશે. શાળા જેવી સંવેદનશીલ જગ્યાએ સર્જાયેલી આ ઘટનાએ વાલીઓમાં પણ ચિંતા અને રોષની લાગણી ઉભી કરી છે.

---

## નગરપાલિકાની સદસ્યાની નારાજગી

# અમરેલી : હંગામી વીજ કનેકશનનાં પ્રતિ યુનિટ ૬૦ રૂપિયાનો ચાર્જ અયોગ્ય

### રાજયનાં ઉર્જામંત્રી વેકરિયાને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૨૦

અમરેલી શહેરમાં ચાલતી નવી બાંધકામ સાઈટ પર કામગીરી માટે ટેમ્પરી વીજ કનેકશન લેવાતું હોય, આ વીજ કનેકશન માટે પીજીવીસીએલ ધ્વારા લગભગ રૂા. ૧૨ હજાર જેવી મોટી ડીપોઝીટ તેમજ ત્યારબાદ વપરાશ કરેલ યુનિટનો અંદાજે રૂા. ૬૦ જેટલો પ્રતિ યુનિટ ચાર્જ થાય છે. જે નાના કોન્ટ્રાકટર તેમજ નવું મકાન બનાવતા વીજ વપરાશકારો માટે અસહય છે. આ બાબત યોગ્ય કરી લોકોને રાહત આપવા અંતમાં માંગ કરેલ છે.

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા–વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠ્ઠા
Mo. 93770 03636

---

## ૩ દિવસ પહેલા બનેલ ગુન્હાનો ભેદ ખુલી ગયો

# રાજુલામાં નજર ચુકવી ગળામાંથી સોનાનાં ચેઈનની ચોરી કરનાર ૪ આરોપી ઝડપાયા

### રાજકોટનાં મા–દીકરી–જમાઈ સહિત ૪ વિરૂધ્ધ કાર્યવાહી

અમરેલી, તા. ૨૦

રાજુલા ગામે ત્રણેક દિવસ પહેલા કરિયાણાની દુકાને ખરીદી કરવા ગયેલ આધેડ મહિલાની નજર ચુકવી તેમને પહેરેલ સોનાના ચેઈનની ચિલઝડપ કરી રાજકોટ ખાતે રહેતી મા–દીકરી અને જમાઈએ મોંઘી કરમાં ડ્રાઈવર સાથે નાસવા જતા રાજુલા પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી રસ્તામાં પકડી પાડી અને ચોરીમાં ગયેલ સોનાનો ચેન૧ કિંમત રૂપિયા ૧,૧૭,૦૦૦, ચોરીમા ઉપયોગ મહીન્દ્રા કંપની એશયુવી ૭૦૦ કાર કિંમત રૂપિયા ૭,૦૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૮,૧૭,૦૦૦નો મુદ્દામાલ રીકવર કરી અને ગુન્હો ડીટેકટ કરી અને કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

સાવરકુંડલા તાલુકના દોલતી ગામે રહેતા ચતુરાબેન કાળુભાઈ નાનજીભાઈ વાઘમશી નામની ૫૭ વર્ષિય આધેડ મહિલા ગત તા. ૧૬ બપોરના પોણા બારેક વાગ્યે રાજુલા શહેરમાં આવેલ રાજાણી કરીયાણાની દુકાને કરીયાણુ લેવા માટે ગયેલ હતા. ત્યારે કોઈ અજાણ્યા માણસોએ આ મહિલા સાથે દુકાને ધક્કા મુકી કરી અને આધેડ મહિલાની નજર ચુકવી અને તેણીએ ગળામા પહેરેલ સોનાનો ચેઈન જેનું વજન ૩૫.૬૩૦ ગ્રામ જેની કિંમત રૂા. ૧,૧૭,૦૦૦ની ચોરી કરેલ હતી. જે અંગે રાજુલા પોલિસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહીતાની કલમ ૩૦૩(૨) તથા ૫૪ મુજબનો ગુન્હો નોંધાયો હતો.

સદરહુ ગુન્હાને ગંભીરતાથી લઈ રાજુલા પોલિસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર વી.એમ. કોલાદરાએ ગુન્હાને ડીટેકટ કરવા અલગ અલગ ટીમો બનાવી અને સુચના આપેલ હોય જે અન્વયે રાજુલા પોલીસ ટીમ દ્વારા અલગ અલગ સીસીટીવી કેમેરા જોવામા આવેલ અને તેમાં બે અજાણી મહિલા



તથા એક અજાણ્યો પુરૂષ કેમેરામાં જોવામાં આવેલ હતા. જે બાદ સદરહુ ઈસમો રાજુલા શહેરમા અલગ અલગ જગ્યાએ ચાલીને જતા હોય અને લોકોની રેકી કરતા હોય બાદ આ મહિલા કરીયાણાની દુકાને વસ્તુ લેવા જતા હતા તેનો પીછો કરી અને દુકાને જઈ ધક્કા મુકી કરી અને તેણીએ ગળામાં પહેરેલા સોનાનાં ચેનની ચોરી કરે હતી. અને બાદમાં ચાલીને અલગ–અલગ રસ્તાઓ પરથી નીકળી ગયેલ હતી. જયારે ચોથો ઈસમ જે શહેરની બહાર બાયપાસ રોડ પર ફોર વ્હીલ ગાડીમાં આરોપી બે મહિલા તથા એક પુરૂષ ઈસમની રાહ જોતો હોય, અને બાદ ચારેય આરોપી ચોરીનો ગુન્હો આચરી નાસી જતા જોવા મળેલ હતા. જે તમામ મુવમેન્ટ આશરે ૧૭૦ જેટલા અલગ અલગ સીસીટીવી કેમેરા રાજુલા પોલીસ ટીમ દ્વારા ચેક કરેલ હતા.

બાદમાં રાજુલા સર્વેલન્સ ટીમ દ્વારા ટેકનીકલ સોર્સીસ આધારે આરોપીના ચોક્કસ નામ સરનામા મેળવી રાજકોટના લક્ષ્મીવાડી મેઈન રોડ ઉપર રહેતી નીકીતાબેન અલ્પેશભાઈ સાવલીયા, રાજકોટના વૈશાલી નગર કાલાવાડ રોડ ઉપર રહેતી વૈશાલીબેન દેવેનભાઈ કાચા તથા તેણીનો પતિ દેવેનભાઈ દીલીપભાઈ કાચા, રાજકોટના ભક્તિનગર વિસ્તારમાં રહેતા મેહુલભાઈ મનસુખભાઈ સોઢા નામના ચારેય આરોપી જે પોતાના વતન રાજકોટ તરફ જતા હોય તેને પોલીસે ફિલ્મીઢબે પીછો કરી રસ્તામા પકડી પાડી અને ચોરીમા ગયેલ સોનાનો ચેન૧ કિંમત રૂપિયા ૧,૧૭,૦૦૦ ચોરીમાં ઉપયોગ મહીન્દ્રા કંપની એશયુવી ૭૦૦ કાર કિંમત રૂપિયા ૭,૦૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૮,૧૭,૦૦૦નો મુદ્દામાલ રીકવર કરી અને ગુન્હો ડીટેકટ કરી અને કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

ઉપરોકત આરોપીઓ રાજયના અલગ અલગ જીલ્લાઓના નાના મોટા શહેરોમાં જઈ અને આરોપી નીકીતાબેન તથા આરોપી વૈશાલીબેન જે બન્ને મા–દીકરી થતા હોય, જેઓ ભીડભાડ વાળી બજારોમા જઈ અને ધક્કા મુકી કરી અને નજર ચુકવી ગળામાં પહેરેલ સોનાના ચેન અથવા દોરાઓની ચોરી કરી અને અન્ય આરોપી જે શહેરની બહાર અથવા તો સુમસામ વિસ્તારમાં વાહન સાથે ઉપરોકત મા–દીકરી ચોરી કરી લીધા પછી કાર ચાલક સાથે દીકરી જમાઈ અને સાસુ સાથે કરમાં બેસી અને નાસી જઈ ગુન્હો આચરતા હતા.

## ટ્રાફિકથી ધમધમતાં વિસ્તારમાં વરસાદી પાણીનો નિકાલ ઝડપથી થતો નથી

# અમરેલીનાં સરદાર સર્કલે પાણી ભરાતા ટ્રાફિકજામ

**એક તરફ માર્ગનું કામ શરૂ હોવાથી વન-વે હોવાથી સામાન્ય વરસાદમાં વાહનચાલકો ફસાયા**

**ઉચ્ચ અધિકારીઓની અવરજવર હોવા છતાં પણ જે-તે વિભાગ સર્કલની હાલત યોગ્ય કરતો નથી**

**સરદાર સર્કલની ડીઝાઈનમાં ફેરફાર કરવામાં આવે તો સંભવિત અકસ્માતની પણ ઘટના અટકી શકે**

**સ્પેશ્યલ ટાઉન પ્લાનર પાસે સરદાર સર્કલની ડીઝાઈન બનાવવામાં આવે તેવી માંગ**



અમરેલી, તા. ૨૦

અમરેલીનાં ટ્રાફિકથી ધમધમતા અને ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓની જયાંથી અવરજવર રહેતી હોય છે, શાળા-કોલેજો, અતિથિગૃહ, વ્યાયામ મંદિર, સ્વામીનારાયણ મંદિર, સીનિયર સિટીઝન પાર્કની નજીક આવેલ સરદાર સર્કલ ઉપર આજે સામાન્ય વરસાદમાં ગોઠણડૂબ પાણી ભરાતા ટ્રાફિક સમસ્યા ઉભી થઈ હતી.

શહેરનાં ગૌરવસમા સરદાર સર્કલ ઉપર દરેક ચોમાસામાં પાણીનો ભરાવો થઈ રહ્યો હોય પાલિકાનાં શાસકોએ સમસ્યાનું કાયમી નિરાકરણ કરવું જરૂરી બન્યું છે.

તદુઉપરાંત, સરદાર સર્કલ ઉપર તાજેતરમાં ઉભા કરાયેલ સર્કલની ડીઝાઈનમાં પણ ફેરફાર કરવો જરૂરી છે. કારણ કે ચિતલ રોડ ઉપરથી ગાંધીબાગ તરફ આવતાં નાના વાહનો સાથે સામેથી કે પાછળથી આવતાં વાહનો સાથે અકસ્માત થવાની શકયતાઓ ઉભી થઈ છે.

પાલિકાનાં શાસકોએ સ્પેશ્યલ ટાઉન પ્લાનરની નિમણૂંક કરીને સરદાર સર્કલ સહિતનાં શહેરનાં કરવાની જરૂર હોવાનું શહેરીજનો માની રહ્યા છે.


**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

**શ્રીનાથજી કોમ્પ્યુટર્સ** ૪૦,પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

**આપણો સમાજ**

**એજયુકેશન કન્સલ્ટન્સી**

ધોરણ 10 અને 12 પછી થતા ઉતમ કારકિર્દી ધરાવતા અભ્યાકમો

BSC NURSING / MSC NURSING / PBBSC NURSING

ANM NURSING / GNM NURSING / BHMS / BAMS

**B.C.A., B.A., P.T.C., B.ed.**

તેમજ ધોરણ 10 અને 12 માં NIOS બોર્ડની વ્યવસ્થા

SC/ST વિદ્યાર્થીઓને 100% સરકાર માન્ય સંપૂર્ણ સ્કોલરશીપ મળવાપાત્ર

Nikunj Chauhan 81414 55245

Bhavesh Vegda 93271 22692

:: એડ્રેસ ::

પ્રથમ માળ, આકાર કોમ્પ્લેક્ષ, નાના બસ સ્ટેન્ડ, નાગનાથ મંદિર પાસે, અમરેલી - ૩૬૫૬૦૧

**અમરેલીમાં ચિત્તલ રોડ ઉપર**

**મકાન વેચવાનું છે**

અમરેલીનાં ચિત્તલ રોડ ઉપર આવેલ મકાન જેમાં ૪ બેડરૂમ, હોલ, કિચન, ફિકસ ફર્નીચર સાથેનું મકાન વેચવાનું છે.

સંપર્ક : 82006 38624

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ

સંપર્ક : **પાર્થ ઇન્વેસ્ટમેન્ટ**

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

**અંગ્રેજી ન્યુઝ પેપર**

**The Indian EXPRESS**

શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર

**ફાયનાન્સિયલ એક્સપ્રેસ**

આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો

**પ્રકાશભાઈ ચંદારાણા**

મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦



















# સન્ડે સ્વીટ્સ

અમરેલી એક્સપ્રેસ

તા.૨૧-૦૬-૨૦૨૬




**પ્રકરણ .. ૨૮૮, - ૧૯૬૫**

**પ્રિય વાચક મિત્રો,**

આગામી સપ્તાહમાં મોહરમનો પવિત્ર તહેવાર આવી રહ્યો છે, મોહરમની તમામ વાચક મિત્રોને ભાવ વંદના સહ. આજે ૧૯૬૬ના ફિલ્મી સફરમાં વર્ષની ચોથા નંબરની સુપર હિટ ફિલ્મની વાત કરીશું.

નાસિર હુસેન આજ સુધી સફળ ચાર ફિલ્મો આપી ચૂકયા હતા, ફિલ્મ જબ પ્યાર કિસે સે હોતા હૈ ના સેટ પર દેવ અને વિજય આનંદ એટલે ગોલડી સાથે નાસિરની મુલાકાત થઈ. દેવ ફિલ્મના હીરો હતા જ. ત્યારે નાસીરે બે ફિલ્મોની જાહેરાત કરી, જેમાં આશા અભિનેત્રી, દેવ હીરો અને વિજય આનંદ નિર્દેશક રહેશે. ૧૯૬૫ માં નાસીરે ગોલડીના નિર્દેશનમાં ફિલ્મ શરૂ કરી, બહારો કે સપને જેમાં હીરો દેવ ના બદલે નવા આવેલ કલાકાર રાજેશ ખન્ના હતા. દેવ આ બાબતે નારાજ થયા, અને સાધનાના વેવિશાળની પાર્ટીમાં નાસિર અને દેવ વચ્ચે આ બાબતે મનદુખ થયું, અને દેવે નાસિર સાથે આગામી ફિલ્મ કરવા ની ના કહી, સાથે ગોલડીને પણ નિર્દેશન ની ના કહી. એક વાત એવી પણ છે કે, જબ પ્યાર કિસી સે ની અમુક રકમ નાસીરે દેવ સાહેબ ને આપી ના હતી. પણ કારણ કોઈ પણ હોય ફિલ્મમાંથી દેવ દૂર થઈ ગયા. નાસીરે ગમે તેમ કરી ગોલડીને મનાવી લીધા અને બહારો કે સપનેનું નિર્દેશન તેમણે રાખ્યું અને, સસ્પેન્સ અને રંગીન ફિલ્મ નું નિર્દેશન વિજય આનંદ ને આપ્યું. ફિલ્મના હીરો માટે નાસિર સાથે અગાઉ બે સફળ ફિલ્મ આપનાર શમ્મી નક્કી થયા, શમ્મી પેહલા દેવ સાહેબને મળ્યા અને તેમની રજા લઈ ફિલ્મ સ્વીકારી.એક સમય શૂટિંગમાં એવો આવ્યો કે, શમ્મીને વિજયના નિર્દેશનમાં ખામી અને ખામી જ દેખાતી હતી, અને નાસિર વિજયને નિર્દેશનમાંથી દૂર કરવા પણ વિચારી રહ્યા હતા, પણ તે

## ઓ મેરે સોના રે... સોના રે સોના.... મેને તુજે જરા દેર મે જાના... હુવા કસૂર દિવાના મુજ સા નહી, ઇસ અંબર કે નીચે, આગે હૈ કાતિલ મેરા ઔર મે તુમ ને મુજે દેખા... હોકર મેહેરબાન.. રૂક ગઇ યે જમી.... થંભ ગયા આસમાન




ખર્ચાળ અને સંબંધોમાં તિરાડ પાડવા જેવુ થતું હતું. તેથી વિજયને જ નિર્દેશનનું કામ પૂર્ણ કરવા આપ્યું હતું. આ વાત ફિલ્મ પૂર્ણ થયા બાદ, શમ્મીએ વિજયના નિર્દેશનથી પ્રભાવિત થયા બાદ તેમણે જ વિજયને કહી હતી.॥

શમ્મી તેમની ફિલ્મોમાં સંગીતને પ્રાધાન્ય આપતા હતા, તેમના મતે ફિલ્મમાં આ પી નૈયર અથવા શંકર જયકિશનને સંગીતકાર રૂપે લેવા માંગતા હતા.પણ વિજય જે હમેશા એસ.ડી.આગ્રહ રાખતા તે એસ.ડી.ની નાજુક તબિયતના લીધે નવા સંગીત કાર આર.ડી.ને બન્ને ફિલ્મ માટે નક્કી કરી ચૂકયા હતા. આર.ડી.ની આ પેહલાની ફિલ્મો સફળના રહી હતી, અને તે સમયના સંગીત કરતાં પાશ્વયત સંગીતને તેઓ મહત્વ આપતા હતા, તેથી શમ્મીને આર.ડી. પસંદના હતા. પણ નાસીરે આર.ડી.ની ધુનો સાંભળ્યા બાદ તેમને સંગીતના જે ફેરફાર કરવા હોય તેની આઝાદી આપી હતી.આર.ડી.એવા સંગીતકાર હતા, જે રોજ બરોજના સામાન્ય અવાઝમાંથી પણ સંગીત શોધી શકતા હતા, જેમ કે ગ્લાસને ચમચીનો અવાઝ, જેનો ઉપયોગ અહી થયો છે, બીજી તેમની ખાસિયતો તેના ફિલ્મો સંગીત સાથે કરતાં રહેશું. આર.ડી.જેઝ, લતીની, રોક અને ડિસ્કો સંગીતમાં માહિર હતા, જે તે સમયે એક બિલકુલ નવો પ્રયોગ હતો. આર.ડી.એ ગાયક માટે આશાજી અને રફી સાહેબની પસંદગી કરી. ફિલ્મનું લોકપ્રિય ગીત, આજા આજા. મે હું પ્યાર તેરા.. ની ધૂન સાંભળી આશાજી આ ગીત તેઓ ગાય શકશે નહીં તેમ કહી દીધું હતું, અને તેઓ પણ આ પી સાહેબનો આગ્રહ નાસિરને કરતાં હતા. પણ નાસિર અને ગોલડી પાસે કોઈનું ચાલે તેમ ના હતું. અંતે આશા જી એ આઠ દિવસ તે ગીત પર પ્રેકિટસ કરી અને ગીત રજૂ કર્યુ. આ ગીત માટે નાસિર અને આર.ડી.વચ્ચે રફી સાહેબ અને આશા જી માં કેન સારૂં ગીત ગાશે તે માટે ૫૦૦ રૂપિયાની શરત પણ લાગી હતી. આશા જી ને આ પી સાહેબે એક સફળ અને માદક સ્વરના ગાયિકા બનાવ્યા, પણ આર ડી સાથેની મુલાકાત બાદ આશાજી એક વર્સેટીલ અને માદક સાથે અલગ સ્વરના માલિક બન્યા, અને તેમની અંદર છુપાયેલ મહાન ગાયિકા બહાર આવ્યા હતા. આર ડી આ ફિલ્મમાં ગાયકોના સ્કેલમાં ફેરફાર લાવ્યા, રફી સાહેબ અહી વો કોઈ એર થી ગીતમાં સંગીત સાથે કોરસને સમાવી લીધા છે, જે આજ સુધી કોઈ સંગીત કાર કરી શકયાના હતા

**ફિલ્મી સફર**

(એક ઈતિહાસ)

**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

અલગ અંદાઝમાં ગાયિકી રજૂ કરી છે, આજા આજા ગીત રફી સાહેબે કોઈ પ્રેકિટસ વગર રજૂ કર્યુ હતું, કુલ સાત વાર આજા આજા બોલવાનું અને અંતે આહ... જેમાં આશાજીના માદક સ્વરનો જાદુ પણ જોવા મળ્યો, બન્ને ગાયકો એ આજા આજા.. દરેક સમયે અલગ અંદાઝમાં રજૂ કર્યુ છે, ગીતમાં આજા શબ્દ આશરે ૪૫ વાર આવે છે. તો આ મેરે સોના ગીતમાં આશા પારેખ શમ્મીના કાનમાં સળી ફેરવે છે, તે અવાઝ પણ સંગીત સાથે આર ડી એ જોડ્યો છે. શમ્મી આજા આજાની ધૂન પૂર્ણ થયા બાદ ઝૂમી ઉઠયા હતા. અને આશાજી નો ડર પણ ગાયબ થઈ ગયો હતો. તો આ હસીના ઝૂલફો વાલી..ગીતમાં ગ્લાસ અને ચમચીનો કુદરતી અવાઝને સંગીત માં રૂપાંતરિત કર્યો હતો. આ ગીત શમ્મી અને હેલેન પર ચિત્રિત થયું હતું. અને મહાન લેખક સલિમ ખાનએ ગીત માંડ્રમ વગાડતા દેખાય છે, હેલેન અને સલિમને એ સમયે વિચાર પણ અંહી હોય કે આગામી સમય માં બન્ને પતિ – પત્ની બનશે ગીતોમાં કોરસનો ઉપયોગ તો લગભગ તમામ સંગીત કારો કરતાં આવ્યા છે, પણ આર.ડી.એ આજા આજા.. અને દેખીએ સાહિબો આર.ડી.એ હિન્દી સિનેમા માં એક ક્રાંતિ કારી સંગીતને જન્મ આપ્યો. જેની વાત તેમની ફિલ્મો સાથે કરતાં રહેશું.

આર ડી સંગીતમાં કાંગો, બોંગો, ઈલેકટ્રીક ગિટાર, ટેંબોરીન, હાર્મોનિયમ, જયકોલોન, સેકસો ફોન, ટર્મપેટ, વાયોલિન, માઉથ ઓર્ગન,નો ઉપયોગ કરતાં હતા, તેમની ટિમમાં આશરે ૫૦ થી વધુ કલાકારો રહતા હતા, જેમાં મનોહરી સિંગ, જે સેકસો ફોન, બાસુ ચક્વર્તી જે સેલો, મારૂતિ રાવ રિધમમાં મુખ્ય હતા. જેની વાત આગળ તેમની ફિલ્મો સાથે કરીશું. ફિલ્મ સંગીતના લીધે સફળ થઈ તેમ કેહવામાં પણ કઈ શંકા નથી, સાથે આર.ડી.ની પ્રથમ સફળતા બાદ તેઓએ હરણ ફાળ ભરી હતી.

ફિલ્મના શૂટિંગ દરમ્યાન શમ્મીની પત્ની ગીતા બાલીનું નિધન થઈ ગયું હતું અને ફિલ્મ ત્રણ મહિના માટે રોકવી પડી હતી. આ ફિલ્મ દ્વારા પ્રેમ નાથ જે૧૯૫૭ થી હિમાલય અને કૈલાશની યાત્રા પર નીકળી ગયા હતા, અને સાધુ બની અધ્યાત્મિક બની ગયા હતા, તે ૧૯૬૪માં પરત આવ્યા અને આ ફિલ્મમાં નાસિર અને વિજયે તેમને ખલનાયકનો રોલ ઓફર કર્યો અને તેમણે સ્વીકારી લીધો હતો. આ ફિલ્મ




માં એવા ખલનાયકની જરૂર હતી જેના પર દર્શક શંકાના કરે, અને પ્રેમ નાથની ઈમેજ મુજબ તે ખલનાયક માટે બરાબર બંધ બેસતા હતા. ફિલ્મ તીસરી મંઝિલના નિર્દેશક, એડિટર વિજય આનંદ, નિર્માતા, લેખક નાસિર હુસેન, ગીત મજરૂહ સુલ્તાન પૂરી, અને સંગીત આર.ડી.બર્મનનું હતું. ફિલ્મમાં શમ્મી કપૂર, આશા પારેખ, રાજ મેહરા, લક્ષ્મી છાયા, હેલેન, સલિમ, ઈફતેખાર, સબિના, નીતા, કે એન સિંગ, પ્રેમ ચોપડા અને પ્રેમ નાથે અભિનય આપ્યો હતો.

ફિલ્મની કહાની ટૂંકમાં જોઈએ તો, આશા એક અમીર પિતા રાજની પુત્રી છે, તે તેની સહેલી લક્ષ્મી અને સાથે મસુરી જાય છે, કારણ કે ત્યાંની હોટેલના ડ્રમ વગાડતા યુવાન રોકી એટલે કે શમ્મીએ તેની બહેનની આબરૂ લઈ લીધી હતી અને તેની બહેને હોટેલના ત્રીજા માળેથી કૂદી આત્મ હત્યા કરી હતી. આશા તેનો બદલો લેવા જાય છે. રસ્તામાં તેની મુલાકાત શમ્મી સાથે જ થાય છે, શમ્મીને ખ્યાલ આવે છે કે, આશા તેની સાથે બદલો લેવા આવી છે,પણ શમ્મી જાણે છે કે તેની બહેનની આત્મ હત્યામાં તેનો કોઈ વાંક નથી. તે નિર્દોષ છે. તેની બહેન શમ્મીને એક તરફી ચાહતી હતી, અને શમ્મીને મેળવીના શકતા આત્મ હત્યા કરેલ હતી. શમ્મી આશાને જોઈ પ્રથમ નજરના પ્રેમમાં પડી જાય છે, તે આશાથી તેનું સત્ય છુપાવી પોતે એક અમીર પરિવાર થી છે, અને મસુરીના અમીર કુવર સાહેબ એટલે કે પ્રેમ નાથ તેના કાકા છે, તેવું કહે છે. આશા હોટેલમાં રોકી એટલે કે શમ્મીની જગ્યાએ સલિમને જુવે છે અને તેને રોકી માની લે છે. રોકી બહાર ગામ જતાં રહેતા શમ્મીનો સહારો લઈ તે રોકી પાસે પહોચવા માંગે છે, રસ્તામાં રકજક બાદ શમ્મી અને આશાના પ્રેમને કુદરતની મહોર લાગે છે. શમ્મી પ્રેમનાથને સાચી માહિતી આપે છે, અને મદદ કરવા કહે છે કે તે આશા અને તેના પિતાને સચ્ચાઈ બતાવે,પણ સમય અનુકૂળના હોવાથી શમ્મી અને આશા ના લગ્ન કરવા સુધી વાત પહોચી જાય છે. શમ્મી એક પત્ર આશાને લખે છે, તે પત્રમાં સત્ય વાત લખેલ છે, તે પત્ર હેલેન આશા સુધી પહોચવા દેતી નથી કારણ તે શમ્મીને ચાહતિ હોય છે, આશાને તે પત્ર હોટેલ માં પ્રાપ્ત થાય છે, અને તે શમ્મીને અપમાનિત કરે છે. આશાના લગ્ન પ્રેમસાથે નક્કી થઈ ગયા છે, પ્રેમની સગાઈ પેહલા તેની બહેન સાથે નક્કી થઈ હતી, પણ તેની બહેનના નિધન બાદ તેના પિતાએ આશા ની સગાઈ પ્રેમ સાથે કરી હતી. બીજી તરફ પોલીસ તરફથી શમ્મીને ખબર પડે છે કે આશાની બહેનની હત્યા થઈ હતી. ત્યારબાદ શમ્મી પર જીવનું જોખમ વધી જાય છે, શમ્મીને મારવા છોડેલ ગોળીથી હેલેન મરી જાય છે, શમ્મીને બ્રેક વગરની કારમાં મોકલી દેવાય છે. શમ્મી નિર્દોષ છે તે આશાને ખબર પડતાં પ્રેમ ફરી જીવંત બને છે, શમ્મી અને પોલીસ આશાની બહેનની હત્યા માટે પ્રેમ ચોપરાને દોષિત માને છે. પણ સત્ય જાહેર થાય છે ત્યારે દર્શકો એક અલગ રોમાચ અનુભવે છે. અંતે અસલી કાતિલ પકડાઈ જાય છે. આશા અને શમ્મી એક થાય છે. ફિલ્મ વર્ષની ચોથા નંબરની સુપર હિટ ફિલ્મ રહી. ફિલ્મનો નફો બે કરોડનો થયો. આગામી અંકમાં હવે અભિનેત્રી બદલી જશે, અને એક વધુ સસ્પેન્સ, મિસ્ટ્રી ફિલ્મ વિષે વાત કરીશું. આભાર..

## ॥ સાહિત્ય ઋષિ ટોલ્સ્ટોયનાં જીવનનો અંતિમ પ્રસંગ ॥

‘પ્રબુધ્ધ જીવન’ એક સુંદર માસીક છે તેમાં એક પત્ર દ્વારા લેખકોને આમંત્રણ આપ્યું હતું. “જો આ મારો છેલ્લો પત્ર હોય તે.” ઘણા લેખકો, કવિઓએ, આ પત્રમાળામાં પત્રો દ્વારા વિચારો આપ્યા હતા. આ સત્વશીલ વાંચન દરેકે કરવું જોઈએ દરેકે વિચારવુ જોઈએ પોતાનો અંતિમ સંદેશ શું છે ?જગતમાં મહાન સાહિત્યકાર મહાપુરૂષનો મૃત્યુ પ્રસંગ કેવો કરૂણ હતો તે વિશે જાણવા અહીં સંક્ષેપમાં પ્રયાસ કર્યો છે ટોલ્સ્ટોય પોતાના અંતિમ સમયમાં પોતાની પત્નીને મળવા માંગતા નથી મેં તેમનો મૃત્યુ પ્રસંગ જુદી રીતે વાંચ્યો હતો. રેલ્વે સ્ટેશને અતિ ઠંડીમાં ઘર છોડી જતા રહ્યા હતા. ત્યાં ઠંડીમાં તેમનુ મૃત્યુ થયુ ખીસામાથી એક પત્ર મળી આવ્યો હતો તેમાં લખ્યુ હતુ કે મારા મૃતદેશને મારા ઘરે લઈ જવા નહિ આપણે અહી જુદી રીતે પ્રસંગ આધારીત કથામાં જે અગાઉના લેખમાં લખ્યુ છે તેને આગળ વધારીએ. ટોલ્સ્ટોય એસ્ટેપોલ મરણ પથારીએ છે ગર્વનરે ખાસ ગાડી સોફિયાને કરી દીધી, એટલે સોફિયા એસ્ટોપોલ પહોંચી ગઈ. શાશા (ટોલ્સ્ટોયની દિકરી)ને ખબર પડતા જ દરવાજે ઊભી રહી જેથી સોફિયા અંદર મળવા ન જઈ શકે સોફિયાને કહ્યું મમ્મા તું શાંતિ રાખજે, પપ્પાની તબિયત અતિ ખરાબ છે ઘડીક ભાનમાં ઘડીક બેહોશ થઈ જાય છે, પપ્પાના જ્ઞાનતંતુ નબળા પડી ગયા છે. દબાણ કે ઉશ્કેરાટ આવશે તો મૃત્યુ પામી કે તમને જોઈ બોલાચાલી થાય તો ? પછી સગીર અંદર ગઈ ત્યારે ટોલ્સ્ટોય ભાનમાં આવ્યા ને કહ્યું : સર્ગી એ જમીન બધા ખેડૂતોની છે ખેડૂતોને રોકશો નહી પછી આંખો મીચી ગયા બેહોશીમાં સરી ગયાને તંદ્રામાં બોલતા હતા. સોફિયાને તું કેમ રોકિશ ? એ મારી પત્ની છે પણ એ આવશે તો ? તો ? ફરી માથુ ઢળી ગયુ ફરી બોલ્યા સર્ગી બે વધતા આવતીકાલે પણ ચાર છે ટોલ્સ્ટોયે આંખો ખોલી : આંખમાં પાપ કર્યા છે એની કદાચ એ પાપોની સજા ભોગવી રહ્યો છું. ચેર્ટકોવે (તેમના પુત્ર)

### સુખી અને સાર્થક જીવનનું રહસ્ય




**ડો. ધીરજકુમાર વ્યાસ**
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા


કાઉન્ટ તમે જો પાપી હશો તો અત્યારે આટલા બધા માણસો તમારા દર્શન કરવા માટે આવતા ખરાં ?”ટોલ્સ્ટોય પોતાની બધી જમીન, પુસ્તકોની રોયલ્ટી ગરીબોને વહેંચી દેવા માગતી હતી. સોફિયા આ મતથી વિચારથી વિરૂધ્ધ હતા. વૈચારિક મતભેદોને કારણે માનસિક તનાવ પરાકાષ્ઠાએ હતો. “ધ ડેથ ઓફ ઈવીન ઈલીચ” મૃત્યુ અને જીવનનો હેતુ અર્થ ઉમર લખાયેલી ખૂબ પ્રભાવશાળી નવલકથા છે.૮૨ વરસની ઉંમરે ઘર છોડી ભાગવુ પડયુ કે છોડવુ પડયુ એ વખતે ટોલ્સ્ટોયને સખત ન્યુમોનિયા હતો. ન્યુમોનિયાને કારણે ટોલ્સ્ટોયનુ મૃત્યુ થયું.અહીં ખાસ વાત કહેવી છે કે ૨૦ નવેમ્બર ૧૯૧૦ના રોજ આ મહા ફિલસુક લેખકે અંતિમ શ્વાસ લીધા તેમના અંતિમ શ્વાસ લીધા તેમના અંતિમ શબ્દો “આ પૃથ્વી ઉપર કરોડો લોકો પીડાઈ રહ્યા છે તો પછી તમે બધા માત્ર મારી ચિંતા કેમ કરી રહ્યા છો ?” તેમના બે પુત્રો તથા ડોકટરની હાજરીમાં મૃત્યુ થયું. તેમના પાર્થિવ દેહની કોઈપણ ધાર્મિક વિધિ વિધાન વગર તેમના વતનમાં પોતાની ભૂમિમાં જંગલમાં એક સાદી કબરમાં કોઈ તકતી કે ફોટો મૂકયા વગર દફનાવ્યા છે. (યાસનાયા પોલ્યાના જંગલ તેમની જાગીર હતી.)એક રાજા જેવું જીવન જીવી શકનાર આ મહામાનવ એક સાધુની જેમ રેલ્વેસ્ટેશન કોઈની હાજરી વગર પ્રાણત્યાગ કર્યો હતો. તેમના વિચારોની સચ્ચાઈ અને સાદુ જીવન જીવ્યા. મહાત્મા ગાંધીજી ઉપર ટોલ્સ્ટોયના વિચારોની અસર હતી. ગાંધીજીએ સત્યના પ્રયોગો નામે લખી છે આ ટોલ્સ્ટોયે પણ કંઈ છુપાવ્યા વગર લખ્યુ છે તેમ ગાંધીજીએ પણ નાનપણમાં જે ભૂલો કરી હતી તે ભૂલોનું પ્રાયશ્ચિત કર્યુ હતું. પિતા સમક્ષ ભૂલો કબુલ કરી ફરી આવી ભૂલો ન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. આફ્રિકામાં હતા ત્યારે મેલુ ઉપાડવા માટે કસ્તુરબા ઉપર ગુસ્સે થઈ ચાલ્યા જવાનુ કહ્યું હતું. પરંતુ તુર્તજ પ્રસ્તાવો થયાં હતા. ટોલ્સ્ટોયે પત્ની સોફિયા સાથે સંબંધ થયો ત્યારે પોતાનો અસામાન્ય ભૂતકાળની વાત જે એજન્સીમાં લખી હતી તે રોજનીશી વાંચવા આપી હતી. જેમાં સ્ત્રીઓએ સકસન્યા નામની સ્ત્રી વિશેષ હતી. એણે પોતાના થકી માતૃત્વ પ્રાપ્ત કર્યુ હતું. પોતાના ભૂતકાળના જીવનને સાચી રીતે જણાવી દીધુ હતું વળી અત્યારસુધીમાં ખરાબ વર્તન જે કર્યુ છે તે જણાવી દીધુ હતું. જુગાર, મદ્યપાન વગેરે ભવિષ્યમાં સોફિયા આ બધુ જાણે તો કેટલો આઘાત લાગે ? ટોલ્સ્ટોયે જે જે રોજનીશીમાં સચ્ચાઈથી લખ્યુ હતુ તે રોજનીશી સોફિયાને વાંચવા આપી. સોફિયા આ બધુ વાંચી લગ્ની ના પાડે તો ? પહેલી જ મુલાકાતમાં ટોલ્સ્ટોયે કહયું સોફિયા કેમલિન જેવો આ ભપકાદાર વિસ્તાર છોડીને યાસ્નાયા જેવા જંગલ વિસ્તારમાં નિવાસ કરવો ગમશે ? સોફિયાએ કહ્યું હું વિસ્તારને નહિ વરને પરણવાની છું. તો પરણીને જે વિસ્તારમાં તું જવાની છે એ વિસ્તાર તે જોયો નથી. હા પણ મે વરને જોયો છે પછી ટોલ્સ્ટોયે કહયું આ બધી રોજનીશી બુકસ વાંચજે સાચો ટોલ્સ્ટોય આ નોટબુકનાં શબ્દોમાં છે. તું એને વાંચજે વાંચ્યા પછી મારો સ્વીકાર કરજે. (અપૂર્ણ)

## સાદગીનો સિકંદર : રૂપિયાની દોડ વચ્ચે ‘‘કંઇ ન હોવાનો’’ અસલી વૈભવ

આજે આપણે એક એવા | જે અસલી આનંદ છે, એમાં છે. જે

**સૂત્રધાર**


ડો. અમિતકુમાર રસિકલાલ મહેતા
મો. ૯૮૭૪૮ ૯૦૦૫૯ અમરેલી


આધુનિક અને ઝાકઝમાળથી ભરેલા યુગમાં શ્વાસ લઈ રહ્યા છીએ, જયાં માણસની કિંમત એના સંસ્કાર કે એની માણસાઈથી નથી અંકાતી, પણ એની પાસે કઈ બ્રાન્ડની ગાડી છે, એ કયા હોદ્દા પર છે, એનું બેંક બેલેન્સ કેટલું છે અને એ કેવા આલીશાન સોફા પર બેસે છે. તેના પરથી નક્કી થાય છે. સોશિયલ મીડિયાના આ જમાનાએ આપણા મગજ પર એક બહુ મોટો ભ્રમ પેદા કરી દીધો છે કે જેની પાસે ભૌતિક સંપત્તિ વધારે, તે જ દુનિયાનો સૌથી સુખી માણસ ! આપણે પણ કારકિર્દીના શરૂઆતના દિવસોથી લઈને આજ સુધી અજાણતા જ આ રેસનો હિસ્સો બની ગયા છીએ.વધુ મેળવવું,વધુ બતાવવું અને કાયમ બીજા કરતાં એક ડગલું આગળ રહેવું. આ આપણી જિંદગીનું અઘોષિત લક્ષ્ય બની ગયું છે.પરંતુ જિંદગીના કેટલાય સરવાળા – બાદબાકી કર્યા પછી, અનુભવની પરિપકવતાના ઓટલે બેસીને કયારેક નિરાંતે વિચારો સાહેબ, કે આ બધું જ મેળવી લીધા પછી પણ અંદરનો ખાલીપો કેમ નથી ભરાતો ? ખરો વૈભવ અને ખરી અમીરાત શું છે ? સાહિત્યની ભાષામાં કહું તો, ખરી અમીરાત બધું ‘હોવામાં’ નથી, પણ મનથી સાવ મુક્ત અને હળવા થઈને ‘કંઈ ન હોવાનો’ માણસ પોતાની સાદગીને સાચવી શકયો છે, એ જ આ જમાનાનો સાચો સિકંદર છે.

**મોહમાયાનું ભારેખમ બજેટ અને કચડાતો સંતોષ :** આપણે આપણી આસપાસ એક મોટો માયાવી કંટ્રોલ (Control) ઊભો કરી દીધો છે. મોંઘા ઘરોના હપ્તા, લકઝરી ચીજોના મેઈન્ટેનન્સ, સમાજમાં વટ જાળવી રાખવા માટે કરવા પડતા દેખાડાના વહેવારો અને ઓફિસોના ટાર્ગેટ આ બધું સાચવવામાં માણસ પોતાની સાહજિકતા જ ગુમાવી બેઠો છે. આપણે ઓફિસોના મોટા – મોટા બજેટ અને પ્રોજેકટ તો સફળતાપૂર્વક હેન્ડલ કરીએ છીએ, પણ આપણું પોતાનું જીવન આ આકાંક્ષાઓના બોજ નીચે કયાંક દબાઈ ગયું છે.સફળતાની વ્યાખ્યા આજે એટલી વાહિયાત થઈ ગઈ છે કે જે માણસ શાંતિથી જીવે છે, તેને દુનિયા ‘નકામો’ સમજે છે. પણ વિચારો, રાત્રે બેડરૂમમાં એસી ચાલુ હોય, કિંમતી ગાદલું હોય, છતાં જો ચિંતાઓના કારણે આંખમાં ઊંઘ ન આવતી હોય અને મગજમાં આવતીકાલના પ્લાનિંગનો ઘોંઘાટ ચાલતો હોય, તો એ કરોડોની સંપત્તિનો અર્થ શું ? એના કરતાં આપણો એ ભૂતકાળ કેટલો સમૃદ્ધ હતો, જયારે ખિસ્સામાં મર્યાદિત રૂપિયા હતા પણ રાત્રે ખાટલા પર



આડો થતાં જ નિરાંતની ઊંઘ આવી જતી ! એ દિવસોમાં આપણી પાસે દેખાડવા માટે ‘કંઈ નહોતું’, પણ અંદરથી બધું જ હતું.

**ચોરાનો વૈભવ અને ડિજિટલ ગુલામી :** સૌરાષ્ટ્ર અને ગુજરાતની તળપદી સંસ્કૃતિમાં એક શબ્દ બહુ વહાલથી વપરાય છે’ મોજીલો માણસ’. મોજીલો એ જ હોઈ શકે જે અંદરથી સાવ હળવો હોય. ગામડાના ચોરા પર કે નાના શહેરોની બજારોમાં સાંજે બે ઘડી નિરાંતે બેસતા વડીલો પાસે કોઈ મોટો હોદ્દો કે બિઝનેસ સામ્રાજય નહોતા, પણ એમની પાસે એકબીજા માટે સમય હતો, સાચો સધિયારો હતો અને સાહજિક હાસ્ય હતું. આજે આપણે ડિજિટલ સ્ક્રીનના એવા ગુલામ બની ગયા છીએ કે આપણે સતત બીજાની જિંદગી જોઈને આપણી શાંતિ વેડફી રહ્યા છીએ.ખરી જીત એ નથી કે દુનિયા તમને ઓળખે અને તમારી વાહવાહ કરે. ખરી જીત એ છે કે જયારે તમે એકાંતમાં તમારી જાત સાથે બેસો, ત્યારે તમને કોઈ અજંપો ન થાય. તમને કોઈ નકલી મહોરૂં પહેરવાની જરૂર ન પડે. તમારી પાસે કંઈ ન હોય, છતાં તમે અંદરથી એટલા તૃપ્ત હોવ કે દુનિયાનો કોઈ મોટો વૈભવ પણ તમને લલચાવી ન શકે. આ ‘કંઈ ન હોવાની’ અમીરાત જેણે મેળવી લીધી, એને પછી કોઈ ટેકસ, કોઈ મોંઘવારી કે કોઈ સિસ્ટમનો ડર નથી રહેતો.**આ આંધળી દોડ વચ્ચે ‘સાદગીના સિકંદર’ બનવાના ૪ પરિપકવ વિચારો :**

**૧. જરૂરિયાત અને મોહ વચ્ચેનું ઓડિટ :** દર મહિને પોતાના ખર્ચ અને ઈચ્છાઓનું પાકું ઓડિટ કરો.જે વસ્તુઓ માત્ર દુનિયાને બતાવવા માટે ખરીદાતી હોય,તેનો ત્યાગ કરો. સાદગી એ ગરીબી નથી, એ તો બૌદ્ધિક સમૃદ્ધિની પરાકાષ્ઠા છે.

**૨. માણસાઈનું સાચું કેપિટલ :** સંબંધોમાં ગણતરીઓ છોડો. પરિવાર અને જૂના મિત્રો સાથે જયારે બેસો, ત્યારે પોતાના હોદ્દા કે પ્રતિષ્ઠાનો કોટ બહાર ઉતારીને બેસો. જયાં તમે સાવ સાધારણ બની શકો, એ જ તમારૂં સાચું ઘર છે.**૩. પ્રકૃતિની મફત અમીરાત :** સૂર્યોદય જોવો, વહેતી નદીનો અવાજ સાંભળવો, વૃક્ષોની છાંયડામાં બેસવું. આ બધી કુદરતની એવી અમૂલ્ય ભેટ છે જેના પર કોઈ જીએસટી કે ટેક્સ નથી લાગતો. પ્રકૃતિની નજીક રહો, મન આપોઆપ શાંત થઈ જશે.

**૪. વર્તમાનને જીવતા શીખો :** ભવિષ્યની સુરક્ષા માટે આયોજન (જઈઙ કે બચત) જરૂર કરો, પણ એ ચિંતામાં આજની સાહજિક પળોને હોમી ન દો. જિંદગી ‘ત્યાં’ નથી જે આવવાની છે, જિંદગી ‘અહીં’ છે જે અત્યારે ચાલી રહી છે.જિંદગી બહુ ટૂંકી છે સાહેબ, એમાં રૂપિયાની આ આંધળી ભાગદોડ અને નફા – નુકસાનના સરવાળા તો શ્વાસ ચાલશે ત્યાં સુધી ચાલ્યા જ કરશે. પણ જયારે આખી દુનિયા બધું જ મેળવીને પણ અંદરથી ભિખારીની જેમ અજંપામાં જીવતી હોય, ત્યારે સાદગી અને સંતોષની ઢાલ ઓઢીને જે માણસ મનથી રાજા બનીને જીવે છે, સાચો સિકંદર તો એ જ કહેવાય છે.છેલ્લે, આ સાદગી અને અંદરના વૈભવ પર આટલું જ સાહિત્યિક ચિંતન :‘મહોરાં ઉતારીને અરીસા સામે ઊભા રહી જુઓ સાહેબ, જો ચહેરા પર સાહજિક સ્મિત હોય, તો તમારાથી મોટો કોઈ અમીર નથી !’આ રવિવારે, દુનિયાની બધી જ ગણતરીઓ અને અપેક્ષાઓનું ભારેખમ બજેટ બાજુ પર મૂકીને, પોતાની જાત સાથે સાવ નિર્દોષ અને સાદા મનથી સંવાદ કરજો અને સાચા વૈભવને માણજો !

# ॥ રામ સત્યવ્રત ધર્મરત, સર્વકર શીલ સનેહૂ ॥

ગોદામ તૈયાર થતાં અમુક પ્રમાણમાં ચોખા આવી ગયા. ગોદામ ભરચક ભરાઈ ગયું. રોજની સો બોરી ચોખા વપરાતા, તે રીતે સાત મહિના તે ન જ ચાલે તે સહજ હતું. પરંતુ સાત મહિના સુધી જરા પણ અછત વિધા આ કાર્ય ચાલુ રહ્યું. તેમજ છેલ્લે તે થતાં ઘણાં ચોખા ઓછી કિંમતથી રેશન તરીકે વેચી દિવસ તબિયત નરમ હતી ત્યારે ખૂબ ખાંસી હોવા છતાં કાવ્ય રચના કરેલી. મૃત્યુને યમસે જાકર યહી પુકારા કર દિયા બનાને બંધ તુમ્હારા દ્વારા ખાંસીસે નિશદિન વો તો લડતા રહતા; ઉલ્ટીકી યાતના ખુશી ખુશી વહ સહતા; પર બુખાર ભેજા વહ ભી ઉસસે હારા....કર.... નિજ જીવનસે કરતાં હૈ મનમાની; રહ ગયે હાડ મજજા કી નહીં નિશાની; બૈઠા હૈ લેકર માને અમર ઈજા રા....કર... યમને હંસંકર મૃત્યુ કો સમજાયા; યહુ હૈ કીટ બિચારા, યહુ તે પ્રભુકી માયા; જટ પકડકર લાને, જબ પ્રભુકા હૈ ઈશારા; કર દિયા બનાને બંધ તુમ્હારા દ્વારા.

પ્રભુકૃપાથી ખૂબ જ સારી રીતે કાર્ય ચાલતું હતું. મોટાભાગે રોજ સવારે પ્રાર્થના બાદ અથવા સાંજે બને ત્યાં સુધી કોઈને કોઈ કારણસર પ્રસંગોપાત ભગવાન થોડા સમય માટે પણ પ્રવચન આપતા. તેમાંથી કોઈ કોઈ પ્રસંગ યાદ છે તે અહીં આપુ છું.

એકવાર કોઈ પદાધિકારી ભગવાનના દર્શને આવ્યા. તેમણે ભગવાનને કહ્યું, "બાબાજી, મુઝે કુછ ચમત્કાર બતાઈયે. મૈંને સુના હૈ આપ બહુત બડે ચમત્કારી મહાત્મા હૈ. "અરે ભાઈ મૈં કુછ ચમત્કાર જાનતા નહીં હું. યહ સબ વ્યર્થકી બાતે હૈ." તેમણે પિતાને આગ્રહ ચાલુ રાખતા કહ્યું, "નહીં બાબાજી આપકે ચમત્કારસે તો ઈતિના બડા કાર્ય હો રહા હૈ આપ કૃપા કરકે મુઝે કુછ બતાઈએ." અચ્છા ચમત્કાર દેખના ચાહતે હો ? તો સુનો, તુમ ઈતને બડે પદાધિકારી, ઈતને પઢે લિખે હો

રામ ભગતિમય ભરત નિહારે, સુર સ્વારથી હહરિ હિય હારે।

ઔર મૈં તો કુછ પઢા ભી નહીં હું. બસ ઐસી બિમાર હાલતમેં પડા રહતા હું. ફિર ભી તુમ્હારે જૈસી બડી વ્યકિત યહાં આકર નીચે બૈઠ જાતે હૈં ઔર સિર ઝુકાતે હો ઈસસે બડા ચમત્કાર કૌનસા હૈ સકતા હૈ ?

એક દિવસ ભગવાન પાસે એક ભાઈ કોઈ સાધુ વિશે વાત કરતા હતા કે ભગવાન તેઓ બહુ જ ચમત્કારી છે. કોઈને વીંટી તે કોઈને બંગડી એવું પિતાની શકિતથી બધાની સામે હાથમાંથી કાઢીને આપે છે. ઘણીવાર બધાની સમક્ષ ખૂબ કંકુ પણ વેરે છે.

ભગવાને કહ્યું, "મૈં ઐસે ચમત્કારેમેં માનતા નહીં હું. યહ સબ ખોખલાપન હૈ. યદિ ઐસી સબ ચીજે દે સકતે હૈ તે અભી યહાં અનાજ કી બહુત જરૂરત હૈ યદિ અનાજ કા ઢેર લગા દે તો મૈં માનું, ઈસમેં પડના નહીં યહ સબ જાદુગરોકા ખેલ જૈસા હેતા હૈ."

આટલા મેટા કાર્યમાં જે





પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ.ગુરૂદેવ)


**સંપાદક : મહેન્દ્ર સી.જોષી**
મો.૯૪૨૬૪ ૫૦૩૫૬ (નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્યઃ પ.પૂ.કુ.રમાબેન પુરૂષોતમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)

એક પાઈનો પણ હિસાબ આડોઅવળો થાય તો પરમાત્માથી અજાણ્યું રહેતું નહીં. સમૂહમાં સ્પષ્ટ કહી દેતા. "દેખો, જો શકિતમાન હૈ ઉન્હેં બરાબર યોગદાન દેના હી ચાહિયે. ધનકી તીન ગતિ હોતી હૈ–દાન, ભોગા ઔર નાશ ઈસલિયે ગંગા બહ રહી હૈ તબ જિતના પી સકે પી લો, યહ અવસર બારબાર નહીં આતા." માનસજી કે આધાર પર. યેન કેન વિધિ દિન્હેઉ દાન કરે કલ્યાણ ઔર પાની બાઢે નાવમેં, ઘરમેં બાઢે દામ. દેને હાથ ઉલેચીયે, યહી સયાને કામ.

"વૈસે ભી ધનશુદ્ધિ કે લિયે અપની આવક્કા દસવાં હિસ્સા નિકાલને હું ચાહિયે. દેખો યહ ધર્માદા કા પૈસા હૈ યદિ કોઈ એક પાઈ ભી ઈર ઉધર ઉધર કરેગા તો પરિણામ ભોગના પડેગા ઔર યહ સમઝના કિ તુમ ગરીબો કા ખૂન ચુસતે હો કયોંકિ ઈસ પૈસોસે અનાજ આતા હૈ ઔર અનાજસે ગરબોકા ખૂન બનતા હૈ, કિસિકે લગતા હૈગા કિ ગુરૂજી તો કમરેમેં પડે હૈ ઉન્હેં કયા માલૂમ ? પરંતુ યહ ન ભૂલના કિ મૈં રહતા ઈધર હું, દેખતા ઉધર હું. ઘણીવાર અચાનક સમષ્ટિ રસોડામાં પહોંચી જતા અને ભાતનો દાણો દબાવીને જોતાં જરાપણ કચાસ દેખાય

રામ સનેહ સંકોચવજ્ઞ કહ સજ્ઞોચ સુરરાજ।

તો કડકાઈથી કહેતા, "કયા તુમ ઐસા ખાતે હો ? યહ ન સમઝના કિ તુમ ઈન પર ઉપકાર કરને આયે હૈ, ઉલ્ટા યે લોગ આપ લોગોં પર ઉપકાર કરતે હૈ કૃત્તિ અપને ઋણસે મુકત કર રહે હૈ."

આ રીતે દરેક કાર્યકરને પિતાના કાર્યમાં સાવધાન રાખતા. બિહારમાં તે વખતે આ વિપત્તિનો લાભ લઈ મોટા પાયા પર ધર્માંતર કરાવવાનું કામ જોરશોરથી ચાલુ થઈ ગયેલું. ભગવાનની કૃપાથી આ રાહતકાર્યથી તે રીતે ઘણે હિંદુ વર્ગ ધર્માંતરથી બચી ગયો. "જહાં કોઈ નહીં જાયેગા વહાં હમ જાયેંગે," આ સિધ્ધાંત પ્રમાણે પલામુ જિલ્લાના રંકા ગામે આ કાર્ય ચાલી રહ્યું હતું. અહીં લગભગ સોળ માઈલ દૂરથી ટેન્કરે દ્વારા રાત દિવસ પાણી પહોંચાડવામાં આવતું. આખી રાત દાળભાત બનતા અને સવારે દસ વાગ્યાથી પંગત ચાલુ થઈ જતી તેણે છેક બપોરે ત્રણથી ચાર સુધી ચાલતી. આ રીતે નિત્ય પાંત્રીસથી ચાલીસ હજાર માણસો જમતા. રંકાથી થોડે થોડે દૂર ચિનીયા, બરવારી વિગેરે ગામામાં ટ્રક દ્વારા જમવાનું પહોંચાડાતું હતું. જોઈએ તે સામાન ડાલ્ટનગંઝથી લાવવામાં આવતો. શરૂમાં તો સરંકારી માણસ દ્વારા વિરોધ પણ સારો એવો થશે. આ રીતે તે પ્રજા આળસુ થઈ જશે વિગેરે. પરંતુ ભગવાન ખૂબ સારી રીતે આ બાબતનો જવાબ આપતા કે, "દેખિયે, અભી તો ઈન લોગોં કે શરીર કામ કરને લાયક હૈ નહીં ફિર ભી ભોજન દેકર કામ કરને કી શકિત મેં દેતા હું ઔર ઈન લોંગોકે કામ દેના આપકા કર્તવ્ય હો જાતા હૈ. ઈન લોગોંસે સડક બનવાઈયે. ચાહે તાલાબ, કુએ ખુદવાય. જો ભી આપકો ઉચિત લગે કામ કરવા સકતે હૈ ઔર યહ તો બતાઈયે કિ આપને યહાંકા ભોજન ચખકર દેખા હૈ ? ઐસા ભોજન પાને કે લિયે દો–ચાર મિલસે પૈદલ ચલકર કેન આયેગા યહ વિચાર કિયા ? હમ ઈનકો મીઠાઈ તો બાંટતે નહીં હૈ જિસકે પાસ કુછ નહીં હૈ વો હી તો યહાં આતે હૈ. એકબાર અચ્છી વર્ષા હૈ જાને પર ઈનકે કામ મિલતે હી યે લોગ અપને આપ આને બંધ હો જાયેંગે.

ભગવાન સાથે નો વાર્તાલાપ તેમજ કાર્યનું નિરીક્ષણ કરી, ખુશી વ્યકત કરતાં સંતોષ સાથે અધિકારીઓ જતા રહેતા. ભગવાન જાહેરાત કરવાના ખૂબ જ વિરોધી રહ્યા. હંમેશા કહેતા, "કામ કરો, ઢો–ઢોં નહીં." પરંતુ અહીં મોટા પાયા પર લાંબો સમય કામ ચાલતા મિનિસ્ટરે વિગેરે

રામ શપથ સુનિ મુનિ જનક, સકુચે સમેત।

જોવા આવતા હોવાથી છાપામાં જાહેરાત થતી તે તેમને જરાપણ ગમતું નહી. આ જાહેરાતથી કહેવાતા મોટા લોકોની ભીડ વધવા લાગી ત્યારથી હવે જાણે ભગવાન પોતાની લીલા સંકેલવા માંગતા હોય તેમ જણાવા લાગ્યું કારણ,

બહુરિ રામ અસ મન અનુમાના, હોઈહિં ભીર સબહિં મોહિ જાના


પ્રસંગવશાત જયારે ભાવિકજનો પોતાની પરિસ્થિતિ પ્રમાણે મોટા ફૂલના હાર ચડાવતા ત્યારે સાવધાન કરતા કહેતા, "દેખો, આપ લોગોં કા ભાવ બુરાબૂર હૈ, લેકિન ભાવ સે ચડાયા હુઆ એક પુઢષ ભી બહુત હોતા હૈ. સોચો, યદિ ઈતને રૂપયે જીસે જરૂરત હૈ ઐસી વ્યકિતકો – દેકર કિસી ભી પ્રકાર સે મદદ કરો તા કિતના અચ્છા હેવે. મધ્યમ વર્ગ કી દશા અધિક દયનીય હોતી હૈ. ન કિસીસે માંગ સકતે હૈ એર વ્યવહાર પૂર્ણ રૂપસે સમાલને પડતે હૈ. કિસી બચ્ચોંકી પઢાઈ રૂકતી હૈ, કિસિકી બિમારીમેં દવાઈ કી જરૂરત હૈ યા કિસી વિધવા કે ઘરમેં અનાજ યા કપડોં કી જરૂરત હોવે વહાં ચૂપચાપ પહુંચા દેના ચાહિયે. યદિ સમાજકી હરેક વ્યકિત અપની શકિત અનુસાર અપના કર્તવ્ય સમજકર એક દૂસરોંકે પ્રતિ પ્રેમભાવ રખકર સહાયતા દેતા રહે ત ગરીબી કહાં રહેગી ? મધ્યમ વર્ગ કો ગૂપચૂપ મદદ કરની હી ચાહિયે. ઈસમેં માન, કેર્તિ સબ નહીં લિગા પરંતુ અંતરકે આશીર્વાદ અવશ્ય મિલતે હૈ ઔર યહ માનવકા કર્તવ્ય હૈ.

આજના ઘણાં નિજ અનુભવો પછી સ્પષ્ટ સમજાય ગયું છે કે મોટા મંદિરે, મોટા સ્થાનો, મોટા આશ્રમો અને મોટા નામના બધા કામ પણ મોટા હોય છે. જયાં હજારો અને લાખો રૂપિયાની વાતે થતી હોય ત્યાં કોઈ પ્રેમભાવપૂર્વક પિતાની શકિતથી ઉપરવટ થઈ સો–બસે રૂપિયા આપી આવે તો તેની શું કિંમત કે ત્રણત્રી ? તેના કરતાં ભગવાને આ રીતે બતાવ્યા પ્રમાણે તેવી નાની રકમથી કોઈ એક વ્યકિતને પણ મદદરૂપ થઈ શકાય તો ભગવાનના કૃપાપાત્ર બની શકાય છે. બાકી મોટા સ્થાનોમાં તો, "લોભીયા બેઠા છે ધન ભેળું કરવા..." આજે સમાજમાં મોટા ભાગે શ્રીમંતો નામના માટે દાન કે પરમાર્થ કાર્ય કરતાં દેખાય છે. પરંતુ સાથે સાથે એ પણ જેવા મળે છે કે તેમની પિતાની જ ધાર્મિક કે સાંસારિક પરિવારની કોઈ વ્યકિત આર્થિક રીતે

# *॥ ધ્યાન – તબીબી વિજ્ઞાનની દ્રષ્ટિએ ॥*

પ. પુ. ગુરૂદેવના ચરણોમાં સમર્પીત.૨૧ મી સદી એ તાણની સદી બની રહે તેવી પુરી સંભાવના છે અને તેમાં પણ છેલ્લા અઢાર મહીના જયારથી કોરોના આવ્યો છે બહુ મોટા પ્રમાણમાં લોકો તાણ (ડીપ્રેસન) ના શીકાર બન્યા છે , સામાન્ય વ્યક્તિ જ નહી મોટા – મોટા ફીલ્મ સ્ટારો, રમતવીરો, ઉદ્યોગપતીઓ પણ આ કોરોના મહામારીમાં પોતાનું માનસીક સ્વાસ્થ્ય ગુમાવ્યુ છે, જયારે કોઈપણ બીમારી લાંબો સમય સુધી ચાલે ત્યારે લોકોમાં હતાશા ખુબજ વ્યાપે છે, લોકોમાં ડર, તનાવ, ચીંતા, ઉદ્વેગ આ બધાનું પ્રમાણ ખુબ વધી જાય છે, ધંધા – રોજગાર નબળા પડયા છે, લોકોમાં પોતાના વડીલો, બાળકોના સ્વાસ્થ્યને લઈ સતત ચીંતા છે એવામાં છેલ્લા બે વર્ષ થી આપણે કોઈ તહેવાર – પ્રસંગ પણ ઉજવી શકયા નથી જે આપણા માટે મુડ એલીવેટરનું કામ કરતા હોય છે,

આનો અર્થ એ થયો કે બધુ બરાબર હોય તો આપણે સ્વસ્થ રહી શકીએ છીએ, થોડું પણ જો આપણી અનુકુળતા થી વિરૂધ્ધ થાય તો આપણે મુડ – ઓફ થઈ જાય છે, આજે કોરોના છે કાલે બીજી કોઈ મુશ્કેલી આવશે, શુ દરેક વાર આપણે આમ હતાશ જ થઈ જઈશુ ? એવી કોઈ સ્થીતી ન હોય જેમાં ગમે તેવી પરીસ્થીતીમાં પણ આપણે વિચલીત ન થઈએ ? દરેક સ્થીતીમાં આપણે મુડ માં – આનંદમા જ રહી શકીએ. આયુર્વેદમાં સ્વસ્થની પરીભાષા જ છે કે આત્મા – ઈન્દ્રીય અને મન જે વ્યક્તીના પ્રસન્ન છે, તે જ સ્વસ્થ છે. આ પ્રસન્નતા પ્રાપ્ત કરવા સ્વાસ્થ્યવર્ધક આહાર , નિયમિત વ્યાયામ,વ્યસનો નો ત્યાગ, ગમતા મિત્રો અને સ્નેહીઓ સાથે વાર્તાલાપ, વિવિધ રમતગમત અને શોખની ટેવ,



ડો. ભાવેશ કે. મહેતા
મો.૯૪૨૬૨ ૮૯૯૦૮ / ૮૯૯૯૦૯૯૯૦૭ e-mail:drbkmehtarmo@gmail.com

પ્રકુતિના તત્વો (પહાડો, સમુદ્ર, મેદાનો, વૃક્ષો, પક્ષીઓ વગેરે) સાથેની ઘનિષ્ટતા, સારૂં વાંચન, સત્સંગ, જીવન પ્રત્યેનો હકારાત્મક દ્રષ્ટિકોણ વગેરે પ્રવૃતિઓ મનુષ્યને તાણ ઘટાડવા માટે મદદરૂપ બને છે.

આપણા ઋષિમુનિઓએ સાચુ જ કહ્યુ છે,પરિસ્થિતિ બદલવી હંમેશા શકય નથી, પણ મન : સ્થિતિ ઉપરનો કાબુ તાણ પર વિજય અપાવે છે.મિત્રો ૨૧ – જુન આવી રહી છે, ૨૧ – જુન વિશ્વ યોગ દિવસ, યોગના આઠ અંગમાંનુ અગત્યનું અંગ એટલે ધ્યાન. ધ્યાનને વૈજ્ઞાનિક રીતે સમજવાનો પ્રયત્ન કરીએ. મહર્ષિ પતંજલિએ યોગના આઠ અંગો વર્ણવ્યા છે. અષ્ટાંગ યોગ તરીકે પ્રચલિત આ આઠ અંગો યોગના આઠ પગથીયા તરીકે વર્ણવી શકાય. દરેક પગથીયાનું મહત્વ છે અને પહેલું પગથીયું શીખીને આત્મસાત કર્યા પછી જ બીજા પગથીયા પર જવું.

આ અષ્ટાંગ યોગના આઠ પગથીયા છે – (૧) યમ (૨) નિયમ (૩) આસન (૪) પ્રાણાયામ (૫) પ્રત્યાહાર (૬) ધારણા (૭) ધ્યાન અને (૮) સમાધી યમ એટલે સ્વ – વર્તન અંગેના કાયમી આગ્રહો – અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. આ પાંચ શાશ્વત મુલ્યો માણસને પશુવૃતિથી ઉપર ઉઠાવી માનવીય બનાવે છે. નિયમ એટલે દિનચર્યામાં રોજ સમાવવાની પ્રવૃતીઓ. શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાન આ પાંચ નિયમનું પાલન કરવું શાંત અને સુખમય જીવન જીવવા માટે જરૂરી છે. પ્રત્યાહાર એટલે બાહ્ય જગતની ગતિવિધિઓથી મનને અલિપ્ત કરવું. ધારણા એટલે કોઈ એક વિચાર પર મનને કેન્દ્રિત કરવું. સમાધિએ ધ્યાનની પરાકાષ્ઠા છે જેમાં માત્ર ધ્યેયનું જ ભાન રહે છે અને બીજી બધી બાબતો ગેણ બની જાય છે. યોગના આઠ અંગો પૈકી યોગાસન અને પ્રાણાયામથી લગભગ હવે બધા પરીચીત છે આપણે ધ્યાનની વૈજ્ઞાનિક રીતે ચર્ચા કરવી છે.અત્યાર સુધી આપણે ધ્યાનને ધર્મ સાથે જોડી દેતા હતા અને એવું સમજતા કે કોઈપણ વ્યક્તિને વૃધ્ધાવસ્થામાં આ બધુ જપ – તપ – ધ્યાન કરવાનું હોય, છેલ્લા આઠેક વર્ષ થી હું ધ્યાન કરૂ છુ મે ધ્યાન દ્વારા જે પ્રાપ્ત કર્યુ છે અને એક આયુર્વેદ ચીકીત્સક તરીકે જે રીતે ધ્યાનને સમજયો છુ તે આપની સાથે શેર કરવા માંગુ છુ. માનવીનું મન અતિ ચંચળ છે. તે સતત વિચારો, યાદો અને ઈચ્છાઓમાં લીન રહે છે. એક અભ્યાસ પ્રમાણે માનવીનું મન દિવસમાં ૬૦ થી ૮૦ હજાર વિચાર કરે છે, જોકે તેમાંથી ૯૯.૯૯ % વિચારો એના એ જ હોય છે. એટલે જ મનએ કોઈ એક વિષય પર એકાગ્ર કરવું અઘરૂ છે. માનવ મન 'ગમતી વસ્તુઓની સતત તલાશ કરે છે અને 'અણગમતી વસ્તુઓથી દુર રહેવા મથે છે. મન અને શરીરને તદન જુદા કરવા શકય નથી, કારણ કે તે બન્ને એક સિક્કાની બે બાજુ જેવા છે. શરીર મનની પ્રયોગશાળા છે. એટલે જ ૯૦% થી વધારે રોગોનું મુળ માનવીનું મન છે. એવી ભાગ્યેજ કોઈ બીમારી છે કે જેમાં મનનો ફાળો ન હોય.પણ આ મનને સમજીને જો તેને કેળવવામાં આવે તો એ એકાગ્ર થઈ શકે છે. એકાગ્ર મન વિશાળ શક્તિનો સ્ત્રોત છે. ખાલી શક્તિશાળી મન પણ પુરતું નથી, સાથે તેને શુધ્ધ અને પવિત્ર પણ બનાવવું પડે છે.મનને કેળવી એકાગ્ર, શક્તિશાળી, સ્થિર અને પવિત્ર બનાવવું એ જ તો ધ્યાન છે.ધ્યાન એટલે શું ? ધ્યાન શા માટે ? ધ્યાન કઈ રીતે કરવું ? ધ્યાન કરવાથી કોઈ વિશેષ અનુભવ થવો જ જોઈએ? આવા અનેક પ્રશ્નો ઘણા લોકોને ઉદભવતા હોય છે ધ્યાનની ચોક્કસ બૌદ્ધિક વ્યાખ્યા કરવાનું મુશ્કેલ છે છતા ધ્યાનની અનેક વ્યાખ્યાઓ અપાઈ છે. (૧) ધ્યાન એટલે મનનું મેન અથવા સ્થિરતા. (૨) ધ્યાન એટલે સાક્ષીભાવ અથવા દ્રષ્ટાભાવ (૩) ધ્યાન એટલે અંતરયાત્રા (૪) ધ્યાન એટલે સ્વનિયંત્રણની સાધના (૫) ધ્યાન એટલે આત્મસાક્ષાત્કાર કરવાની સાધના (૬) ધ્યાન એટલે 'સ્વની પરખની પ્રક્રિયા (૭) ધ્યાન એટલે ષડરિપુ (કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર) પર વિજય મેળવવાની સાધના (૮) ધ્યાન એટલે સત – ચિત – આનંદ ની સ્થિતિ (૯) ધ્યાન એટલે આત્મનિરીક્ષણની પ્રક્રિયા.

**મર્મ બિંદુ :** બે સ્ટેશનો વચ્ચે થતી ટ્રેનયાત્રા જેવું આપણું જીવન છે. આપણે સહુ 'જન્મ નામના સ્ટેશનથી ટ્રેનમાં બેસીએ છીએ અને 'મૃત્યુ નામના સ્ટેશન પર ઉતરીએ છીએ. આવા સીમિત જીવનમાં અસીમિત ઉંચાઈએ પહોંચવા ધ્યાનની ખુબ આવશ્યકતા છે. **(ક્રમશ)**

# 'સમજણ એ જ નારાયણ'

## "પિતાના અગણિત ઉપકાર હોય છે, સ્વનામ પછી લખીને કંઈક ચૂકવાય છે !"



**યોગેશ ભટ્ટ**
(બી.એ.એલ.એલ.બી)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી

તારીખ ૧૯/૮/૨૦૦૩ ને મંગળવારની એ સાંજ હતી. અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન (AMA)નો હોલ ગુણાનુરાગીજનોથી ખચોખચ ભરેલો હતો. મારા પૂજય પિતાશ્રી કમ મારા હાઈસ્કૂલ અભ્યાસના ગુરૂ એવા નટુભાઈ ભટ્ટને ઝાયડુસ કેડીલા ગ્રુપ દ્વારા સ્વ. રમણભાઈ પટેલની સ્મૃતિમાં શરૂ થયેલ પ્રથમ જ વર્ષનો શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ અર્પણ કાર્યક્રમનો શુભારંભ થયો... એ ધન્ય ક્ષણો નજીક આવવા લાગી.

મારી એક આંખમા પિતાજીને આ એવોર્ડ મળી રહ્યાનો આનંદ હતો, તો બીજી આંખમાં ઈશ્વરકૃપાથી શાળા સ્ટાફ અને પરિવારની હાજરીમાં નિયમિતતા, નિતિમતા, કર્તવ્યનિષ્ઠા, સમયપાલનતા, અને સૌના કલ્યાણભાવનું પંચામૃત પીધેલાં મારા ગુરૂજન પૂજય ભટ્ટ સાહેબ આજે સન્માનિત થઈ રહ્યાનું ગૌરવ છલકાતું હતું..! નામદાર સુપ્રિમ કોર્ટના નિવૃત ચીફ જસ્ટીસ શ્રી પી.એન. ભગવતી સાહેબ ગોલ્ડન પ્લેટેડ એવોર્ડ, સન્માન પત્ર અને ધનરાશિનો ચેક મારા ફાધરને અર્પણ કરે છે ત્યારે મારા માટે તો જાણે જ થંભી જાય છે..! સભાખંડ

**: ફાધર્સ–ડે**

તાળીઓથી ગુંજી ઊઠે છે, ત્યારે ભાવાવેશમાં આવી મારી બાજુમાં જ બેઠેલા સાવ અજાણ્યા એક સરદારજીને માનવ સહજ ગદગદ થઈને મારાથી કહેવાયું કે : "આ એવોર્ડી મારા ફાધર છે." એ સદગૃહસ્થ સહજતાથી મારી સામે જોઈને મને અભિનંદન આપતા બોલ્યા કે : "યંગમેન એ તમારા ફાધર છે તો તો હવે તમારી ઘણી જવાબદારી થાય છે." એમ કહીએ કલેપીંગમાં વ્યસ્ત થાય છે, પણ હું

**–: સ્પાર્ક :–**

અવાચક બનીને તેમની સામે જોઈ જ રહુ છું..!! ત્યારે જ મારામાં સ્પાર્ક થાય છે.. ધન્ય આજની ઘડી તે રળીયામણી..

બીજા જ દિવસે તારીખ ૨૦/૦૮/૨૦૦૩ને બુધવારે દિવ્ય ભાસ્કર દૈનિકનું અમદાવાદ આવૃત્તિનું ગુજરાતમાં પદાર્પણ થાય છે, આ અંકમાં એવોર્ડ સમારંભનો અહેવાલ તસવીર સાથે પ્રસિધ્ધ મળે છે.

ઉપર જણાવ્યું તેમ સરદારજીના પ્રેરકવાકયે મારી અંદર જબરો સ્પાર્ક કરતાં એ પછીથી હું એ કથનનો મર્મ પારખી તેને ચરિતાર્થ કરવા સક્રિય રહ્યો છું, હું મધ્યમવર્ગનો મહેનતુ માનવી છું. મારી મર્યાદાઓને ધ્યાનમાં રાખીને, ખર્ચ વગરની પણ સમાજ ઉપયોગી સેવાઓ કરવા લાગ્યો છું. મને મળેલા સંસ્કારોને જાળવી સાહિત્ય, સેવા, સદ્વિચાર ક્રાંતિ, ધર્મ ભાવનાના વારસાને હું વાવવા લાગ્યો, ભૂખ્યા પેટે ક્રાંતિકારી થયું તે ઊગી નીકળ્યુ છે જેમ કે : અમરેલીના સ્વયંભૂ પ્રગટ નાગનાથ મહાદેવ મંદિર અને રામજી મંદિરે છેલ્લા બાવીસેક



વર્ષથી નિયમિત સુવિચાર લખુ છું, આ વૈચારિક ક્રાંતિનું યજ્ઞકાર્ય કરૂ છું, ડિજિટલ માધ્યમથી આ સદવિચારો દેશ–વિદેશમાં ફરે છે, એક સાથે સાત અખબારોએ આ કાર્યની નોંધ લીધેલ છે, અમરેલી એકસપ્રેસ દૈનિકમાં 'સમજણ એ જ નારાયણ' શીર્ષકથી છેલ્લા બાર વર્ષથી સાપ્તાહિક કોલમ લખું છું, આંતરરાષ્ટ્રીય કક્ષાઓ સુધીની લેખન સ્પાર્ધાઓમાં ભાગ લઈને વિજેતા પણ થઈ ચૂકયો છું, ત્રણ ત્રણ વખત વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ સુધી પહોંચેલી સિધ્ધિઓનો સહભાગી રહી ચૂકયો છું, મારા ફાધરની સાથે જ મને પણ બ્રહ્મગૌરવ એવોર્ડ મળેલ છે, વિશ્વ કલ્યાણ માટે હું દરરોજ માળા કરૂ છું. મારા કાર્યોની કદરરૂપે મને ચાર એવોર્ડ મળી ચૂકયા છે. આ સઘળો યશ આજે 'ફાધર્સ ડે' ના અવસરે મારા પૂજય પિતાજીના ચરણે અર્પણ કરૂ છું અને આયોજકોને અભિનંદન આપું છું. પેલા સરદારજીનું એ પ્રેરકવાકય મને કાયમ દોડતો રાખે છે, મારામાં સતત સ્પાર્ક કરે છે.

પિતાનો બોધ : જીવન એવું જીવી બતાવવું કે તમારા સંતાનોએ મોટીવેટ થવા માટે અન્ય કોઈના દ્રષ્ટાંતો ન શોધવા પડે. અસ્તુ

**(શીર્ષક પંકિત : શરદકુમાર ધીરજલાલ દવે "શાસ્ત્રી")**

# અમરેલીમાં ઘરેથી શરૂ કરેલો નાનો વ્યવસાય આજે મહિલાઓ માટે પ્રેરણાસ્ત્રોત બન્યો

અમરેલી શહેરમાં રહેતા વિરાજબેન રાજેશભાઈ વ્યાસે પોતાની મહેનત, આત્મવિશ્વાસ અને સતત પ્રયત્નોથી કાપડ, ડ્રેસ અને સાડીના વ્યવસાયમાં અનોખી ઓળખ ઉભી કરી છે. ઉંમર ૪૨ વર્ષ ધરાવતા વિરાજબેન ગ્રેજયુએટ અભ્યાસ પૂર્ણ કર્યા બાદ પરિવાર સાથે સંકળાઈને સ્વરોજગાર તરફ આગળ વધ્યા હતા. વર્ષ ૨૦૧૭થી તેમણે નાનાપાયે કપડાં અને સાડી વેચાણનો વ્યવસાય શરૂ કર્યો હતો, જે આજે શહેરની મહિલાઓ માટે વિશ્વાસનું કેન્દ્ર બની ગયો છે.

વિરાજબેન જણાવે છે કે શરૂઆતના દિવસોમાં ખૂબ ઓછું વેચાણ થતું હતું. મહિને અંદાજે માત્ર પથી ૮ ડ્રેસનું વેચાણ થતું અને તેમાં આશરે એક હજાર રૂપિયા જેટલો નફો મળતો હતો. પરંતુ તેમણે હિંમત હાર્યા વગર સતત મહેનત ચાલુ રાખી. ગ્રાહકો સાથે સારો વ્યવહાર, ગુણવત્તાસભર માલ અને યોગ્ય ભાવના કારણે ધીમે ધીમે લોકોનો વિશ્વાસ વધતો ગયો. આજે તેમની પાસે દર મહિને અંદાજે ૩૦ જેટલા ડ્રેસ, ૧૦ જેટલી સાડીઓ તેમજ અન્ય કપડાંની વસ્તુઓનું વેચાણ થાય છે અને અંદાજે ૧૫ હજાર રૂપિયા સુધીનો નફો મળી રહે છે.

તેમણે જણાવ્યું કે રાજકોટ, અમદાવાદ સહિતના વિવિધ શહેરોમાંથી સાડી, ડ્રેસ મટિરિયલ અને ફેશન સંબંધિત વસ્તુઓની ખરીદી કરવામાં આવે છે. નવા ડિઝાઈન અને ગ્રાહકોની પસંદગી મુજબ વસ્તુઓ લાવવામાં આવતી હોવાથી મહિલાઓમાં તેમની દુકાન પ્રત્યે ખાસ આકર્ષણ જોવા મળે છે. ખાસ કરીને તહેવારો, લગ્ન પ્રસંગો અને સીઝનલ પ્રસંગોમાં ગ્રાહકોની સંખ્યા વધી જાય છે.વિરાજબેન માત્ર વેપાર જ નથી કરતા પરંતુ મહિલાઓને આત્મનિર્ભર બનવા માટે પ્રેરણા



પણ આપે છે. અમરેલી શહેરમાં સમયાંતરે તેઓ એકિઝબિશનનું આયોજન પણ કરે છે, જેમાં અનેક મહિલાઓ સહભાગી બને છે. આ એકિઝબિશન દ્વારા સ્થાનિક મહિલાઓને નવા ડિઝાઈન, કપડાં અને ઘર આધારિત વ્યવસાયની માહિતી મળે છે. સાથે સાથે અન્ય મહિલાઓને રોજગારી અને સ્વરોજગાર માટે પ્રોત્સાહન પણ મળે છે.

તેમના આ પ્રયાસોથી આજે અનેક મહિલાઓ પ્રેરણા લઈ રહી છે. ઘરેથી શરૂ કરેલો નાનો વ્યવસાય આજે સફળતાની નવી ઓળખબની ગયો છે અને વિરાજબેન જેવી મહિલાઓ સમાજમાં આત્મનિર્ભરતાનો સકારાત્મક સંદેશ આપી રહી છે.

# અમરેલી : પ્રાકૃતિક કૃષિ કોલેજ ખાતે 'પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ અને પ્રદર્શન' યોજાયુ










વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં કેન્દ્ર સરકારના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના શુભ અવસરે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જનકલ્યાણલક્ષી કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવી રહ્યું છે. આ કડીના ભાગરૂપે આજરોજ વિકસિત ભારતના સંકલ્પ સાથે જનકલ્યાણના ૧૨ વર્ષની ઉજવણી હાથ અંતર્ગત જિલ્લા વહીવટી તંત્ર અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ તથા અમરેલી આત્મા પ્રોજેકટ દ્વારા પ્રાકૃતિક કૃષિ કોલેજ–અમરેલી ખાતે 'પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ અને પ્રદર્શન' જિલ્લાકક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડીયા, સાવરકુંડલા ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ધારી–બગસરા ધારાસભ્ય જે.વી. કાકડીયા સહિતના મહાનુભાવોની ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં અમરેલીના પ્રગતિશીલ ખેડૂતોના વિવિધ સ્ટોલ નિદર્શન યોજાયું હતું. મહાનુભાવોએ વિવિધ સ્ટોલની મુલાકાત લઈને પ્રાકૃતિક કૃષિ, તેના વિવિધ આયામો, ખેત પદ્ધતિ સહિતની બાબતોનું માર્ગદર્શન અને માહિતી પ્રાપ્ત કરી હતી. પ્રગતિશીલ ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ વિષયક પોતાના અનુભવો જણાવ્યા હતા.

પ્રાકૃતિક કૃષિએ પ્રકૃતિના નિયમોને આધારે કરવામાં આવતી પરંપરાગત અને વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ છે, જેમાં કોઈપણ પ્રકારના રાસાયણિક ખાતરો કે ઝેરી જંતુનાશકોનો ઉપયોગ કરવામાં આવતો નથી. આજે રાસાયણિક ખેતીના કારણે જમીનની ફળદ્રુપતા ઘટી રહી છે અને કેન્સર જેવા જીવલેણ રોગોનું પ્રમાણ સમાજમાં ચિંતાજનક રીતે વધી રહ્યું છે, ત્યારે પ્રાકૃતિક કૃષિ એક સંજીવની સમાન સાબિત થઈ રહી છે. રાજય સરકારના ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું કે, પ્રાકૃતિક કૃષિ અને મૂલ્યવર્ધન થકી ખેડૂતોની સમૃધ્ધિ વધશે, કેન્સર જેવા જીવલેણ રોગો સામે પ્રાકૃતિક ખેતી જ એકમાત્ર હથિયાર છે. તેમણે ઉમેર્યુ કે, રાસાયણિક ખાતરોનો ઉપયોગ આપણી જમીન અને માનવીય આરોગ્ય પરનો ખતરો સતત વધારી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના શરૂ કરી તેના થકી નાના ખેડૂતોને ફાયદો થયો છે. ખેડૂતોની સમૃધ્ધિ વધે તે માટે કેન્દ્ર અને રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જનકલ્યાણકારી અભિગમ થકી છેવાડાના નાગરિકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવ્યું છે. લોકોની સુખાકારીના અભિગમ સાથે કાર્યરત કેન્દ્ર અને રાજય સરકાર અનેકવિધ જનકલ્યાણલક્ષી પ્રકલ્પો અને યોજનાઓ અમલી બનાવે છે. જેનો સીધો જ લાભ છેવાડાના લાભાર્થી સુધી પહોંચી રહ્યો છે. આ કાર્યક્રમમાં જિલ્લા અને તાલુકા પંચાયત હોદેદારો, ડો. સી.કે. ટીંબડીયા, કુલપતિ ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, સ્થાનિક હોદેદારો અને અગ્રણીઓ, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી જાડેજા, પ્રાંત અધિકારી નાકીયા, આત્મા પ્રોજેકટ ડાયરેકટર ડો. ઝીડ, પ્રાકૃતિક કોલેજ અમરેલી આચાર્ય સહિત બહોળી સંખ્યામાં ખેડૂતો, નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાં ધોધમાર પોણા બે ઈંચ

લાયબ્રેરી રોડ સહિતનાં વિસ્તારોમાં ભારે વરસાદ વરસતા રસ્તાઓ પાણીથી તરબતર થઈ ગયા હતા. શહેરના મુખ્ય માર્ગોપરવરસાદીપાણીવહેતાજોવામળ્યા હતા.ઉનાળાનીકાળઝાળગરમીબાદપડેલા વરસાદથી લોકોને રાહત મળી હતી અને વાતાવરણમાંઠંડકપ્રસરીગઈહતી.

જિલ્લાનાગ્રામ્યવિસ્તારોમાં પણ મેઘરાજાએ મહેર વરસાવી હતી. અમરેલી તાલુકાના નાના ભંડારીયા, માંગવાપાળ, મોટાઆંકડીયાઅનેવડેરા ગામોમાંપણવરસાદનોંધાયોહતો. ખાસ કરીનેનાનાભંડારીયાગામમાંધોધમાર વરસાદનેકારણેમાર્ગોપરપાણીવહેતા થયા હતા. વરસાદી પાણીના પ્રવાહને જોવા માટે સ્થાનિક લોકો રસ્તાઓ પર ઉમટીપડયાહતા.

ચોમાસાનીસિઝનનાપ્રથમ સારા વરસાદથી ખેડૂતોમાં ખૂશીનો માહોલ જોવા મળી રહ્યો છે. વરસાદને કારણેખેતીકાર્યોનેવેગમળશેતેવીઆશા વ્યકતકરવામાંઆવીરહીછે.

બીજીતરફબાબરાપંથકમાં પણ મેઘરાજાએ હાજરી નોંધાવી હતી. બાબરા શહેર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં અંદાજે૨૫મી.મી. વરસાદનોંધાયોહતો. દરેડઅનેખાખરીયાગામોમાંપણવરસાદ વરસતાવાતાવરણખુશનુમાંબન્યુહતું.

ધારી ગીર પંથકમાં પણ વરસાદી માહોલ જામ્યો હતો. ધારી તાલુકાનાગોપાલગ્રામ, દહીડા, ઝરઅને મોરઝર સહિતના ગામોમાં વરસાદ વરસ્યો હતો. ધીમીધારે શરૂ થયેલા વરસાદથીખેડૂતોમાંઆનંદનીલાગણી જોવા મળી હતી. ચોમાસાની શરૂઆત સાથે જિલ્લામાં ખેતી માટે અનુકૂળ પરિસ્થિતિ સર્જાતા ખેડૂતોએ રાહતનો શ્વાસલીધોછે.

## અવસાન નોંધ

**અમરેલી :** અમરેલીનાં શરદભાઈ કે. વ્યાસનાં જમાઈ અમદાવાદ નિવાસી પ્રિતેશ ભાલચંદ્રભાઈ જોશીનું તા. ૧૯નાં રોજ સ્વર્ગવાસ થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૨૨, સોમવાર સાંજનાં ૪ થી ૬ સુધી બ્રહ્મેશ્વર મહાદેવ મંદિર, સત્સંગ હોલ, બ્રાહ્મણ સોસાયટી, અમરેલી ખાતે રાખેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૪૩૫ |
| ૨ | શિંગદાણા | ૧૫૧૦ | ૧૯૦૦ |
| ૩ | શિંગદાણા ફાડા | ૧૪૦૦ | ૧૭૩૫ |
| ૪ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૫૨૦ |
| ૫ | તલ કાળા | ૨૧૩૦ | ૩૬૯૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૧૫૧૦ | ૨૩૩૫ |
| ૭ | બાજરો | ૩૩૫ | ૫૦૦ |
| ૮ | જુવાર | ૪૦૦ | ૧૧૦૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૨૦ | ૫૫૦ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૦૫ | ૫૦૦ |
| ૧૧ | મકાઈ | ૪૦૦ | ૫૯૦ |
| ૧૨ | મગ | ૧૨૪૦ | ૧૬૯૫ |
| ૧૩ | અડદ | ૧૫૩૫ | ૧૬૩૫ |
| ૧૪ | ચણા | ૮૦૦ | ૧૧૫૫ |
| ૧૫ | સફેદ ચણા | ૧૦૦૦ | ૧૧૫૦ |
| ૧૬ | છોલે ચણા | ૧૪૫૦ | ૧૪૫૦ |
| ૧૭ | ચોળી | ૧૨૪૦ | ૧૨૪૦ |
| ૧૮ | તુવેર | ૮૯૦ | ૧૪૮૫ |
| ૧૯ | કપાસ | ૯૭૦ | ૧૯૧૦ |
| ૨૦ | એરંડા | ૧૦૦૦ | ૧૩૩૫ |
| ૨૧ | જીરૂ | ૨૦૦૦ | ૩૯૫૫ |
| ૨૨ | રાયડો | ૧૨૫૦ | ૧૨૭૦ |
| ૨૩ | ધાણી | ૨૦૦૦ | ૨૭૫૦ |
| ૨૪ | મેથી | ૧૦૧૫ | ૧૩૨૫ |
| ૨૫ | સોયાબીન | ૧૧૦૦ | ૧૩૧૦ |
| ૨૬ | રજકાનું બી | ૭૬૦૦ | ૮૦૦૦ |
| ૨૭ | કલોંજી | ૨૬૦૦ | ૨૬૦૦ |

## પાના ૧ ઉપરનું ચાલું બાબરા પોલીસે

સક્રિય જાળાને કારણે દારૂના તસ્કરોમાં ફફડાટ ફેલાયો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

આ સમગ્ર કામગીરીમાં પીઆઈ આર.આર. પરમાર, એએસઆઈ કિરણભાઈ સોલંકી, હેડ કોન્સ્ટેબલ રાજભા વાઘેલા, રમેશભાઈ કોતર, પોલીસ કોન્સ્ટેબલ જગદીશભાઈ રામાણી, વિજયભાઈ ચારડીયા અને ભરતભાઈ મકવાણાએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

## પાના ૮ ઉપરનું ચાલું ધાતરવડી બ્રિજ ઉપરથી

કારણે બચાવ કામગીરીમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. સ્થાનિક લોકો પણ મોટી સંખ્યામાં ઘટના સ્થળે ઉમટી પડયા હતા અને રાહત કામગીરીમાં જોડાયા હતા. લગભગ બે કલાકની ભારે જહેમત બાદ ફાયર વિભાગ અને સ્થાનિક લોકોની મદદથી આગ પર કાબૂ મેળવવામાં સફળતા મળી હતી.

અકસ્માતમાં મૃત્યુ પામેલા ટ્રક ચાલકની ઓળખ અજય નાગભાઈ ભાલીયા તરીકે થઈ હોવાનું જાણવા મળ્યું છે. આગમાં શરીરે ગંભીર રીતે દાઝી જતાં તેમના અવશેષોને પોસ્ટમોર્ટમ માટે રાજુલા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

આ અકસ્માત બ્રિજ પરથી ટ્રક ખાબકવાના કારણે થયો કે અન્ય કોઈ કારણ જવાબદાર છે તે અંગે પોલીસે તપાસ શરૂ કરી છે. અકસ્માતના ચોક્કસ કારણો અંગે તપાસ પૂર્ણ થયા બાદ વધુ વિગતો બહાર આવે તેવી શકયતા છે. ઘટનાએ સમગ્ર પંથકમાં શોક અને ચકચાર ફેલાવી છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૦૦ | ૧૭૬૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૫૦ | ૧૬૦૦ |
| ૩ | મગફળી | ૧૨૨૫ | ૧૩૪૫ |
| ૪ | તલ સફેદ | ૧૪૪૦ | ૨૪૦૦ |
| ૫ | તલ કાળા | ૩૦૪૦ | ૩૩૦૦ |
| ૬ | જીરૂ | ૩૧૧૦ | ૪૦૦૦ |
| ૭ | ચણા | ૧૧૨૫ | ૧૧૫૫ |
| ૮ | ઘઉં | ૪૬૫ | ૫૦૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૪૦૦ | ૧૫૦૭ |
| ૨ | શીંગ મોટી | ૧૩૦૦ | ૧૫૦૦ |
| ૩ | શીંગ દાણા | ૧૭૦૦ | ૧૯૦૦ |
| ૪ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૫૭ |
| ૫ | તલ કાળા | ૩૦૦૦ | ૩૫૫૦ |
| ૬ | જીરૂ | ૩૫૦૦ | ૪૦૦૯ |
| ૭ | કપાસ | ૧૫૫૦ | ૧૮૬૫ |
| ૮ | ઘઉં લોકવન | ૪૫૦ | ૪૮૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૬૫ | ૫૦૭ |
| ૧૦ | બાજરો | ૪૦૦ | ૫૦૦ |
| ૧૧ | જુવાર | ૬૦૦ | ૧૧૦૦ |
| ૧૨ | મકાઈ | ૩૫૦ | ૫૦૦ |
| ૧૩ | મગ | ૧૫૫૦ | ૧૬૮૦ |
| ૧૪ | અડદ | ૧૫૦૦ | ૧૭૦૦ |
| ૧૫ | ચણા | ૧૧૦૦ | ૧૧૭૨ |
| ૧૬ | તુવેર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૧૭ | એરંડી | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ૧૮ | મેથી | ૧૨૦૦ | ૧૩૫૦ |
| ૧૯ | રાય/રાયડો | – | ૧૩૫૦ |
| ૨૦ | ધાણા | ૨૨૦૦ | ૩૦૦૦ |

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીથી વિસાવદર સુધી બ્રોડગેજ

એક બિનરાજકીય મિશન શરૂ કરેલું છે.

લાખો લોકો માટે લાભદાયક અને આવકારદાયિક લોક માંગ છે. ત્યારે અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીએ આ માંગણીને વ્યાજબી ગણાવી કેન્દ્ર સરકારના રેલ્વેમંત્રી આ માંગ બાબતે યોગ્ય નિર્ણય કરવા અને વહેલાસર ઉકેલ લાવે તે માટે એક પત્ર દ્વારા માંગ કરી છે.

ઉલ્લેખનીય છે કે આગામી સપ્તાહમાં અમરેલી જિલ્લાના તમામ ધારાસભ્યો, સાંસદ ભરતભાઈ સુતરીયાને સાથે રાખી ધારી પત્રકાર સંઘ, સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ, રાજકીય આગેવાનો, વેપારી મહામંડળની એક ટીમ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિકર્મા, રેલ્વે મંત્રીને રજુઆત કરવા માટે જવાના છે.

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૯૬૦ | ૧૨૨૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૪૬ | ૪૫૨ |
| ૩ | ચણા | ૧૦૦૦ | ૧૧૬૦ |
| ૪ | તુવેર | ૧૧૭૦ | ૧૫૮૫ |
| ૫ | ધાણા | ૨૭૦૦ | ૨૭૦૦ |
| ૬ | મગ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૭ | તલ સફેદ | ૨૦૧૦ | ૨૦૧૦ |
| ૮ | તલ કાળા | ૨૮૫૦ | ૨૯૧૦ |
| ૯ | જીરૂ | ૨૬૦૦ | ૩૭૦૦ |
| ૧૦ | જુવાર | ૬૭૫ | ૬૭૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૯૫૦ | ૧૧૯૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૦૯ | ૪૬૯ |
| ૩ | મેથી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૫૫ | ૪૭૨ |
| ૫ | તુવેર | ૧૨૧૫ | ૧૨૨૫ |
| ૬ | ચણા | ૯૦૦ | ૧૧૧૨ |
| ૭ | કલોંજી | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ૮ | ધાણા | ૧૫૦૦ | ૨૬૨૫ |
| ૯ | ચણા સફેદ | ૧૦૩૭ | ૧૦૩૭ |
| ૧૦ | જીરૂ | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ૧૧ | સોયાબીન | ૧૧૦૦ | ૧૩૪૨ |
| ૧૨ | તલ સફેદ | ૧૪૫૦ | ૨૪૦૦ |
| ૧૩ | ચણા છોલે | ૧૩૭૦ | ૧૩૭૦ |
| ૧૪ | શીંગદાણા | ૧૫૦૦ | ૧૭૩૫ |
| ૧૫ | લસણ | ૯૯૦ | ૯૯૦ |
| ૧૬ | અડદ | ૧૦૦૦ | ૧૧૦૧ |
| ૧૭ | રાયડો | ૧૦૬૧ | ૧૦૬૧ |

## પાના ૮ ઉપરનું ચાલું ભાવાંતર યોજના લાગુ કરો

જીવ જંતુઓથી નુકશાન, વીમો અને વહીવટી તંત્રના અધિકારીઓનો સમય સહિતનો ખર્ચ થાય છે. ત્યારે મધ્યપ્રદેશ રાજયમાં હાલ આ બાબતે ભાવાંતર યોજના લાગુ છે. ત્યાં રાજયમાં એપિએમસીમાં ખેડૂતો રજીસ્ટ્રેશન પોતાના ખેત ઉત્પાદનને વેચે છે અને તેને ભાવ ફેરની રકમ સરકાર ચૂકવે છે. તેથી સરકારે ટેકાનાં ભાવે ખરીદી પ્રકિયા કરવાની રહેતી નથી તો આ યોજના ગુજરાતમાં પણ લાગુ કરવામાં આવે તો સરકાર અને ખેડૂતો બંનેને ખુબ મોટી રાહત મળી શકે છે અને સરકારને ટેકાનાં ભાવે ખરીદીમાં પડતી મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આ બાબત પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઊંધાડને ગ્રામીણ પ્રવાસ દરમ્યાન ખેડૂતો દ્વારા રજુઆત કરવામાં આવતા ગુજરાતમાં આ ભાવાંતર યોજના લાગુ કરવા રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, રાજયના કૃષિ મંત્રી જીતુ વાઘાણી, રાજયના મુખ્ય સચિવ અને રાજયના કૃષિ સચિવને પત્ર લખી માંગણી કરવામાં આવી છે. સરકાર જો આ યોજના ગુજરાતમાં લાગુ કરે તો ચોક્કસ ખેડૂતો અને સરકાર બંને પક્ષ માટે લાભકારી હોય તેવુ જોવા મળી રહ્યું છે. ત્યારે પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઊંધાડની રજુવાત સરકારના કાને અથડાય અને તેનો અમલ થાય છે કે નહીં તે તો આવનારો સમય જ બતાવશે.

### ગ્રામ પંચાયત કચેરી બોરાળા

### :: જાહેર હરરાજી ::

બોરાળા આંગણવાડી કેન્દ્ર નંબર–૨૮ રામજી વિસ્તારમાં આવેલ પાણીનો ટાંકો પાડી કાટમાળની હરરાજી તા. ૨૪/૦૬/૨૦૨૬ સમય સવારે ૧૦ કલાકે રાખેલ છે. તો રસ ધરાવતી એજન્સીએ ભાગ લેવા જણાવવામાં આવેલ છે.

**હરરાજીની શરતો :**

૧. બોરાળા આંગણવાડી કેન્દ્ર નંબર – ૨૮ અન્ય આ કાટમાળ ઈમલાની અપસેટ કિંમત રૂપિયા ૨૦૦૦ નકિક કરેલ છે.
૨. બોરાળા રામજી વિસ્તારમાં આવેલ પાણીનો ટાંકો આ કાટમાળ ઈમલાની અપસેટ કિંમત રૂપિયા ૨૦૦૦ નકિક થયેલ છે.
૩. આસામીએ આ કિંમતથી વધારે બોલી કરવાની રહેશે.
૪. હરરાજીનાં ભાગ લેનારે તમામે રૂા. ૧૦૦૦ ડિપોઝીટ ભરવાની રહેશે. ડિપોઝીટ નહિ ભરનાર વ્યકિત હરરાજીમા ભાગ લઈ શકશે નહિ.
૫. હરરાજીની તારીખથી વધુમાં વધુ ૧૫ દિવસ સુધીમાં આસામીએ પોતાના ખર્ચ અને જોખમ કાટમાળ ઈમલો પાડી મેદાન સાફ કરી આપવાનું રહેશે.
૬. ઈમલો પાડતા દરમિયાન કોઈ આકસ્મીક બનાવ બને અને જાનમાલને નુકસાન થાય તેની સંપૂર્ણ જવાબદારી હરરાજીમા ઈમલો રાખનારની રહેશે. પંચાયતની કોઈ જવાબદારી રહેશે નહીં.
૭. આખરી બોલ મંજુર કરવાનો કે હરરાજી મોકુફ રાખવાનો હકક શરતો રજુ કરનાર બોરાળા ગ્રામ પંચાયતનો રહેશે.
૮. ક્રમ નંબર ૧ થી ૭મા જણાવેલ હરરાજીનુ શરતોનુ પાલન ચુક થયે ભરવામાં આવેલ ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે.

**એસ.બી. ચોહલા**
**તલાટી કમ મંત્રીશ્રી**

**જી.ડી. મકવાણા**
**સરપંચશ્રી**

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૦૦ | ૧૨૧૫ |
| ૨ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૪૦૦ |
| ૩ | તલ કાળા | ૨૭૫૧ | ૩૩૦૧ |
| ૪ | કપાસ | ૧૪૯૦ | ૧૭૫૦ |
| ૫ | બાજરો | ૪૬૦ | ૫૩૨ |
| ૬ | ઘઉં ટુકડા | ૩૫૦ | ૪૮૦ |
| ૭ | જુવાર | ૪૫૨ | ૧૨૦૦ |
| ૮ | મકાઈ | ૪૭૪ | ૪૭૪ |
| ૯ | મગ | ૧૪૭૫ | ૧૬૬૫ |
| ૧૦ | તુવેર | ૧૧૬૦ | ૧૨૫૧ |
| ૧૧ | ચણા | ૧૦૬૦ | ૧૧૧૬ |
| ૧૨ | જીરૂ | ૩૦૦૧ | ૩૦૦૧ |
| ૧૩ | ધાણા | ૧૬૦૧ | ૨૧૩૦ |
| ૧૪ | મેથી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૫ | રાય | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૧૬ | અજમા | ૨૧૫૦ | ૨૧૫૦ |

### સમગ્ર પંથકમાં ચકચાર જગાવતી ઘટના

# બાબરાનાં નિલવળા માર્ગ ઉપર એક ખેડૂતની વાડીમાં બાંધેલ બળદનું મોત

## વન વિભાગે વન્ય પ્રાણીની સંડોવણી નકારી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૦

બાબરા શહેરના નિલવળા રોડ પર આવેલ જીઆઈડીસી પાછળ એક ખેડૂતની વાડીમાં બાંધેલા બળદનું મારણ થતાં વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. શરૂઆતમાં કોઈ વન્ય પ્રાણી દ્વારા હુમલો કરવામાં આવ્યો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી, જોકે બાબરા વન વિભાગ દ્વારા કરવામાં આવેલી પ્રાથમિક તપાસમાં વન્ય પ્રાણીની સંડોવણી હોવાનું કોઈ પુરાવા મળ્યા નથી.

મળતી માહિતી મુજબ નિલવળા રોડ પર જીઆઈડીસી પાછળ પોતાની વાડી ધરાવતા રહીમભાઈ જીવાભાઈ સૈયદના બળદનું ગત રાત્રિના સમયે મારણ થયેલું જોવા મળ્યું હતું. બનાવની જાણ થતાં ખેડૂત તેમજ આસપાસના લોકોમાં ચિંતા ફેલાઈ હતી અને વન્ય પ્રાણીના હુમલાની શકયતાને લઈને ચર્ચાઓ શરૂ થઈ હતી.

ઘટનાની જાણ વન વિભાગને કરવામાં આવતા વિભાગનો સ્ટાફ તાત્કાલિક અસરથી સ્થળ પર પહોંચ્યો હતો અને સમગ્ર વિસ્તારનું નિરીક્ષણ કરી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન મૃત બળદના શરીર પર વન્ય પ્રાણીના દાંત કે નખના કોઈ નિશાન જોવા મળ્યા ન હતા. ઉપરાંત ઘટના સ્થળની આસપાસ પણ કોઈ વન્ય પ્રાણીના પગલાં, સગડ કે અન્ય પુરાવામળી આવ્યા ન હોવાનું જાણવા મળ્યું હતું.

વન વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસના આધારે બળદનું મારણ કોઈ વન્ય પ્રાણી દ્વારા કરવામાં આવ્યું હોવાનું જણાતું નથી. હાલ વિભાગ દ્વારા વધુ તપાસ કરવામાં આવી રહી છે. જેથી ઘટનાનું ચોક્કસ કારણ જાણી શકાય.

વન વિભાગની સમયસર કામગીરીને કારણે વન્ય પ્રાણીના હુમલાને લઈને ફેલાયેલી અટકળો પર વિરામ લાગ્યો હતો અને હકીકત બહાર લાવવાના પ્રયાસો હાથ ધરાયા હતા.

### સમગ્ર પંથકમાં ખૂશીની લાગણીનો માહોલ ઉભો થયો

# બાબરામાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી, પ્રથમ વરસાદથી જ વાતાવરણ ખૂશ્નુમાં બન્યું

## જોરદાર પવન અને વરસાદથી ઠંડક પ્રસરી, ગ્રામ્ય વિસ્તારમાં પણ સારો વરસાદ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૦

બાબરા શહેર તથા તાલુકા પંથકમાં શનિવારે સાંજના સમયે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતા ચોમાસાની સત્તાવાર શરૂઆતનો અહેસાસ કરાવ્યો હતો. જોરદાર પવનના સુસવાટા અને ભારે વરસાદ સાથે વરસેલા મેઘરાજાએ છેલ્લા કેટલાય દિવસોથી અનુભવાતી ગરમી અને ઉકળાટમાંથી લોકોને મોટી રાહત અપાવી હતી. વરસાદ પડતા સમગ્ર વિસ્તારમાં ઠંડક પ્રસરી ગઈ હતી અને વાતાવરણ ખુશનુમાં બની ગયું હતું.

સાંજના સમયે અચાનક આકાશમાં ઘેરાયેલા કાળા ડિબાંગ વાદળો બાદ જોરદાર વરસાદ શરૂ થતાં શહેરના મુખ્ય માર્ગો તેમજ વિવિધ સોસાયટીઓમાં પાણી વહેતા થયા હતા. પ્રથમ વરસાદના આગમન સાથે બાળકોમાં ખાસ ઉત્સાહ જોવા મળ્યો હતો. અનેક વિસ્તારોમાં બાળકો ઘરની બહાર નીકળી વરસાદની મજા માણતા નજરે પડયા હતા, જેના કારણે ચોમાસાના આગમનનો આનંદ છવાઈ ગયો હતો.

બીજી તરફ પ્રથમ વરસાદે પીજીવીસીએલની પ્રિ–મોન્સૂન કામગીરી સામે પણ સવાલો ઉભા કર્યા હતા. વરસાદ અને પવન શરૂ થતાં જ શહેરના અનેક વિસ્તારોમાં કલાકો સુધી વીજ પુરવઠો ખોરવાઈ જતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. વરસાદી સિઝનના આરંભે જ વીજળી ગુલ થતાં પ્રજામાં નારાજગી પણ જોવા મળી હતી.

બાબરા ઉપરાંત ચરખા, ખાખરીયા, ચમારડી, ઉંટવડ, વાવડી, લુણકી, જામ બરવાળા, દરેડ, નિલવળા સહિતના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં પણ સારો વરસાદ નોંધાયો હતો. વરસાદના આગમનથી ખેડૂતોમાં નવી આશાનું સંચાર થયું છે. ખેતી માટે જીવનદાયી ગણાતા વરસાદની શરૂઆત સારા પ્રમાણમાં થતાં ખેડૂતોમાં ખુશીની લાગણી પ્રસરી ગઈ હતી.

ખેડૂતો અને ગ્રામજનો હવે આગામી દિવસોમાં પણ મેઘરાજા મહેરબાન રહે અને વધુ સારો વરસાદ વરસે તેવી આશા વ્યકત કરી રહ્યા છે. ચોમાસાની શરૂઆત સાથે જ સમગ્ર પંથકમાં હરિયાળી અને સમૃદ્ધિના સંકેતો જોવા મળતા લોકોમાં આનંદનો માહોલ છવાઈ ગયો છે.

### પોલીસ અધિક્ષકનાં માર્ગદર્શનતળે કાર્યવાહી

# અમરેલી સાયબર ક્રાઈમ પોલીસે સાયબર ફ્રોડનાં ગુન્હાના આરોપીઓને ઝડપી પાડયા

## અન્ય આરોપીઓનાં પણ નામ ખુલે તેવી શકયતા

અમરેલી, તા. ૨૦

ગોવા ખાતે સેટઅપ ગોઠવી અન્ય આરોપીઓની મદદથી ખાતાધારકો પાસેથી મેળવેલ બેંક ખાતાઓમાં ગેમીંગ તેમજ અન્ય સાયબર ફ્રોડની પ્રવૃત્તિથી મેળવેલા નાણાની હેરફેર કરનાર ગેંગના આરોપીને પકડી પાડતી અમરેલી સાયબર ક્રાઈમ ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા અમરેલી જીલ્લામાં સાયબર ક્રાઈમ સબંધીત ગુન્હાઓ અટકાવવા તથા અણઉકેલ ગુન્હાઓને ભેદ ઉકેલી આરોપીઓને પકડી પાડવા અમરેલી સાયબર ક્રાઈમ વિભાગને જરૂરી સુચના આપેલ હોય. જેથી પરીણામલક્ષી કામગીરી કરવા તેમજ આવા અણઉકેલ ગુન્હાઓનો ભેદ ઉકેલી ગુન્હાહીત પ્રવૃત્તિ કરતા બે ઈસમોને પકડી પાડેલ છે. પ્રાથમિક તપાસમાં આ આરોપીઓએ ફ્રોડની રકમ રૂપિયા૩૧,૭૫,૧૭,૦૨૦ મેળવ્યા હોય અને વધુ ફ્રોડના ગુન્હામાં આરોપીઓ સંકળાયેલ હોવાની શંકાથી પોલીસે આગળની તપાસ હાથ ધરેલ છે.

આ બનાવમાં અમરેલીના સાયબર ક્રાઈમ પોલિસ સ્ટેશન ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ (બીએનએસ)ની કલમ ૩૧૮(૨), ૩૧૭(૪), ૫૪ તથા IT ACT કલમ ૬૬(ડી) મુજબના આરોપી Bank of India A/C No. ૨૦૭૩૧૦૧૧૦૦૦૭૬૪૬ તથા The Banaskantha District Central Co-operative Bank Ltd. A/C No. ૧૧૮૦૧૨૬૫૪૬૦૮ તથા ૮૦૦૦૬૮૭૧૩ ધારકે એક મહિલા ભોગ બનનાર સાથે સાયબર ફ્રોડ કરી રૂપિયા મેળવી લઈ તેમજ અન્ય ભોગ બનનાર લોકો સાથે સાયબર ફ્રોડના રૂપિયા પોતાના બેંક ખાતાઓમા વારંવાર મેળવી લઈ તેને સગેવગે કરી ગુન્હો કરેલ હોય. ગુન્હામાં વપરાયેલ ખાતાના ધારક તેમજ તે બેંક ખાતાઓનો ઉપયોગ કરનાર અમદાવાદ રહેતા બાદલસિગ ઉર્ફે શંકર ધનેશભાઈ ચૌહાણ, મનોજભાઈ ઉર્ફે ભયલુ દિનેશભાઈ વસાવા નામના આરોપીઓની અટકાયત કરી પૂછપરછ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

પકડાયેલ આરોપીઓ ગોવા ખાતે સેટઅપ ગોઠવી અન્ય આરોપીઓની મદદથી ખાતાધારકો પાસેથી મેળવેલ બેંક ખાતાઓમા ગેઈમીંગ તેમજ અન્ય સાયબર ફ્રોડની પ્રવૃત્તિથી મેળવેલા નાણાની હેરફેર કરતા હોવાનું પોલીસમાં ધ્યાને આવતા આ આરોપીઓએ ફ્રોડની રકમ રૂપિયા ૩૧,૭૫,૧૭,૦૨૦ મેળવ્યા હોય અને વધુ ફ્રોડના ગુન્હામાં આરોપીઓ સંકળાયેલ હોવાની શંકાથી પોલીસે આગળની તપાસ હાથ ધરેલ છે.

### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં

# અમરેલી જિલ્લામાં ૧.૯૦ લાખથી વધુ ખેડુતોના ખાતામાં પી.એમ. કિસાન નિધિનાં ૩૮.૧૯ કરોડની સહાય કરાઈ

## ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયા અધ્યક્ષસ્થાને રહ્યા



અમરેલી, તા. ૨૦

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ગરીમામય વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં પશ્ચિમ બંગાળના હુગલી જિલ્લાના તારકેર ખાતેથી સમગ્ર દેશમાં પી.એમ.–કિસાન ઉત્સવ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે વડાપ્રધાનએ ડાયરેકટ બેન્ક ટ્રાન્સફર મારફતે પી.એમ.–કિસાન સન્માનનિધિ યોજનાના ૨૩મા હપ્તા પેટે દેશના ૯.૪૪ કરોડથી વધુ ખેડૂત પરિવારોના ખાતામાં રૂ. ૧૮,૮૮૦ કરોડથી વધુ રકમ જમા કરાવી હતી.

આ કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં રાજયકક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી તથા કૃષિરાજયમંત્રી રમેશભાઈ કટારા ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત રાજયના ૫૧.૨૮ લાખથી વધુ ખેડૂતોના ખાતામાં રૂ. ૧,૦૨૫ કરોડથી વધુ રકમ જમા કરવામાં આવી હતી.

અમરેલી ખાતે કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગમાં ઊર્જા અને કાયદો રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાના પી.એમ.–કિસાન ઉત્સવ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં અમરેલી જિલ્લાના પી.એમ.–કિસાન સન્માનનિધિ યોજનાના ૨૩મા હપ્તા પેટે ૧,૯૦,૯૬૧ ખેડૂતોના બેન્ક ખાતામાં એકંદરે રૂ. ૩૮.૧૯ કરોડથી વધુ રકમની સહાય જમા કરવામાં આવી હતી.

જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં અમરેલી જિલ્લાના ખેડૂતોને પી.એમ. કિસાન સન્માનનિધીની સહાયતાના રૂ. ૨૮.૧૯ કરોડ સહિત વિવિધ કૃષિલક્ષી યોજનાઓ અંતર્ગત કુલ રૂ. ૮૯.૧૯ કરોડની સહાયનું પ્રતિકાત્મક લાભ વિતરણ કરવામાં આવ્યું હતું. આ સહાયતામાં ખેતીવાડી વિભાગ દ્વારા એજીઆર–૫૦ યોજના અંતર્ગત ટ્રેકટર ઘટકમાં ૩,૫૦૦ લાભાર્થીઓને રૂ. ૩૫ કરોડની સહાયની પૂર્વમંજૂરીનું પ્રતિકાત્મક વિતરણ કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી પાક સ્ટ્રકચર યોજના અંતર્ગત ૫૧૦ લાભાર્થીઓને આશરે રૂ. ૫ કરોડની પૂર્વમંજૂરીઓનું પ્રતિકાત્મક વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ખેડૂતોને વિનામૂલ્યે મગફળી અને સોયાબીનના પ્રમાણિત બિયારણના વિતરણ માટે અંદાજિત ૫,૧૦૦ લાભાર્થીઓને મંજૂર થયેલ રૂ. ૪ કરોડના બિયારણમાંથી પ્રતિકાત્મક વિતરણ કરવામાં આવ્યું હતું.

પાક સંરક્ષણ હેતુસર તારની વાડ યોજના અંતર્ગત અમરેલી જિલ્લાના કુલ ૨,૪૦૦ હેકટર વિસ્તાર માટે રૂ. ૧૦ કરોડ જેટલી રકમની પૂર્વમંજૂરી આપવામાં આવી છે. આ યોજનાના લાભાર્થીઓને પણ કાર્યક્રમમાં પ્રતિકાત્મક લાભ વિતરણ કરવામાં આવ્યું હતું.

પી.એમ. કિસાન સન્માનનિધિ યોજના ખેડૂતોને આવક આધારરૂપ સહાય પૂરી પાડતી મહત્વપૂર્ણ યોજના છે. આ યોજનાના માધ્યમથી ખેડૂતોને ખેતી ખર્ચમાં સહાય મળવા સાથે તેમની આર્થિક સક્ષમતા વધારવામાં મદદ મળી રહી છે.

કાર્યક્રમમાં ધારી–બગસરા–ખાંભાના ધારાસભ્ય જે.વી. કાકડિયા, તાલુકા પંચાયતના પ્રમુખ, સભ્યો, જિલ્લા ખેતીવાડી અધિકારી કાનાણી, આત્માના પ્રોજેકટ ડાયરેકટર જીડ, મદદનીશ નિયામક ડામોર, વિસ્તરણ અધિકારી શેખવા, આત્મા પ્રોજેકટના ચાવડા, થડેર સહિતના અધિકારીઓ અને ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

### એરસ્ટ્રિપ ખાતે યોજાયો ગૌરવપૂર્ણ કાર્યક્રમ

# અમરેલીનાં હાર્ટ સિતાપરાએ BYD અને ફ્લાઇંગ કલબ સાથે મળીને સિનેમેટિક શોકેસ રજુ કર્યુ

## કાર્યક્રમનો હેતુ ઈલેકિટ્રક મોબિલિટી અને એવિએશનને એક નવા દ્રષ્ટિકોણથી રજુ કરવાનો છે



અમરેલી, તા. ૨૦

અમરેલી, ગુજરાત–એક અનોખા અને પ્રથમ પ્રકારના ક્રિએટિવ સહયોગમાં, ઓટોમોટિવ કોન્સેપ્ટ ડિરેકટર અને કન્ટેન્ટ ક્રિએટર હાર્ત સીતાપરાએ બીવાયડી અને ગુજરાત ફ્લાઈંગ કલબ સાથે મળીને અમરેલી એરસ્ટ્રિપ પર એક નવીન સિનેમેટિક શોકેસ રજૂ કર્યું છે. આ પ્રોજેકટમાં ક્રિએટિવ ડિરેકશન, ઈલેકિટ્રક વાહનોની નવીનતા અને એવિએશન ઈન્ફ્રાસ્ટ્રકચર– આ ત્રણેય તત્વોને એક સાથે લાવવામાં આવ્યા છે.

આ કોન્સેપ્ટ હાર્ત સીતાપરા અને તેમની સહયોગી ઈન્શા અંસારી (કાર્ગો બીવાયડી ગુજરાત) દ્વારા સંયુક્ત રીતે આયોજન અને વિકાસ કરવામાં આવ્યો છે. આ પ્રોજેકટનો મુખ્ય હેતુ ઈલેકિટ્રક મોબિલિટી અને એવિએશનને એક નવા દ્રષ્ટિકોણથી રજૂ કરવાનો છે, જે ભારતમાં અત્યાર સુધી બહુ ઓછો જોવા મળ્યો છે. શૂટમાં બીવાયડીના અદ્યતન ઈલેકિટ્રક વાહનોને એરક્રાફટ સાથે દર્શાવવામાં આવશે, જે પ્રિસિઝન એન્જિનિયરિંગ, મહત્વાકાંક્ષા અને સસ્ટેનેબલ ટ્રાન્સપોર્ટના ભવિષ્યને પ્રતિબિંબિત કરે છે.

હાર્ત સીતાપરા, અમરેલીની જાણીતી કોલેજના પ્રિન્સિપાલ ડો. એસ.પી. સીતાપરા (અમરેલી) ના પુત્ર, તેમની પ્રીમિયમ ઓટોમોટિવ સ્ટોરીટેલિંગ પ્લેટફોર્મ "હાર્ત ઓન વ્હીલ્સ" માટે જાણીતા બની રહ્યા છે. એક ઓટોમોટિવ કોન્સેપ્ટ ડિરેકટર અને કન્ટેન્ટ ક્રિએટર તરીકે, તેઓએ ઈન્સ્ટાગ્રામ પર એક લાખથી વધુ ફોલોઅર્સ સાથે મજબૂત ડિજિટલ પ્રેઝન્સ ઉભી કરી છે.

તેઓ અગાઉ પોર્શે અને માસેરાટી જેવા પ્રતિષ્ઠિત ઓટોમોટિવ બ્રાન્ડસ સાથે સહયોગ કરી ચૂકયા છે અને હાલ એસ્ટન માર્ટિન જેવા બ્રાન્ડસ સાથે આગામી કોન્સેપ્ટ પ્રોજેકટસ પર કામ કરી રહ્યા છે, જે તેમના ગ્લોબલ ઓટોમોટિવ ક્રિએટિવ ક્ષેત્રમાં વધતા પ્રભાવને દર્શાવે છે.

તેમના ક્રિએટિવ કાર્ય સિવાય, હાર્ત સીતાપરાએ સુપરકાર બિઝનેસ સેગમેન્ટમાં પણ પ્રવેશ કર્યો છે, જેમાં તેમણે પોતાનો બિઝનેસ " હાર્ત ઓટોમોટિવ્સ" શરૂ કર્યો છે.

આ સહયોગ વિશે હાર્ત સીતાપરાએ જણાવ્યું: આ માત્ર એક શૂટ નથી, આ અલગ–અલગ ઈન્ડસ્ટ્રીઝના ઈનોવેશનને એક સાથે લાવતો પ્રોજેકટ છે. એવિએશન અને ઈલેકિટ્રક વાહનો બંને ભવિષ્યનું પ્રતિનિધિત્વ કરે છે, અને તેમને જોડવાથી એક નવી જ વિઝયુઅલ એકસપિરિયન્સ ઉભી થાય છે.

બીવાયડી, જે ન્યૂ એનર્જી વાહનોમાં વૈશ્વિક નેતા છે, ભારતમાં પોતાનું પ્રભાવ વધારી રહી છે, અને આ સહયોગ બ્રાન્ડ સ્ટોરીટેલિંગ માટે એક ફોરવર્ડ–થિંકિંગ અભિગમ દર્શાવે છે. ગુજરાત ફલાઈંગ કલબ, તેના ઓપરેશનલ એવિએશન એન્વાયરમેન્ટ સાથે, આ પ્રોજેકટને વિશાળતા અને વાસ્તવિકતા આપે છે.

આ પહેલ ઓટોમોટિવ અને ક્રિએટિવ ઈન્ડસ્ટ્રીઝ બંનેમાં ધ્યાન આકર્ષવાની સાથે અમરેલીને હાઈ– એન્ડ કોન્સેપ્ટ પ્રોડકશન માટે નકશા પર લાવશે.

### ૨૧ જૂન આંતરરાષ્ટ્રીય યોગ ડે ઉજવણી અંતર્ગત

# અમરેલી ખાતે હોમગાર્ડઝ યુનિટ દ્વારા યોગ અભ્યાસ કરાયો

## જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ પણ જોડાયા



અમરેલી, તા. ૨૦

અમરેલી આજરોજ ૨૧ જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે જિલ્લા હોમાગર્ડઝ કમાન્ડન્ટ રોહિત મહેતાની સુચના અનુસાર યોગા અભ્યાસ કરતા હોમાગાર્ડ જવાન ભાઈ બહેનો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે જિલ્લાભરના તમામ હોમગાર્ડ યુનિટોમાં સળંગ ચાર દિવસ યોગ અભ્યાસ ચાલી રહ્યો છે. તે અંતર્ગત અમરેલી શહેર પોલીસ પરેટ ગ્રાઉન્ડ ખાતે આર્ટ ઓફ લિવિંગના યોગ ટ્રેનર ઉમેશભાઈ દુધાત યોગ પ્રાણાયમનો ઊંડો અભ્યાસ કરાવેલ આ તકે જિલ્લા કમાન્ડન્ટ રોહિત મહેતા, સ્ટાફ ઓફિસર સુરેશભાઈ શેખવા, સ્ટાફ ઓફીસર હંસાબેન મકાણી, પીલુકીયા, જનવાર તથા આર્ટ ઓફ લિવિંગ ટીમના સભ્યો નિલેશભાઈ મોવલીયા, રણજીતભાઈ નશીત, વિરલભાઈ સરવૈયા, હરેશભાઈ ખૂબચંદાણી વગેરેની સાથે યૂનિટ કચેરીના તમામ હોમગાર્ડ ભાઈ બહેનો જોડાઈને યોગ અભ્યાસ કરેલો હતો.

### તાલુકા પંચાયતનાં પૂર્વ ઉપપ્રમુખની માંગ

# શેડુભાર : ઠેબી અને રઢીયાળી નદીમાં મહી પરીએજ લીંકમાંથી પાણી છોડવા માંગ

## જિલ્લા કલેકટરને પત્ર પાઠવવામાં આવ્યો

અમરેલી, તા. ૨૦

અમરેલી તાલુકા પંચાયતનાં પૂર્વઉપપ્રમુખ રમેશભાઈ કોટડીયાએ જિલ્લા કલેકટરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી તાલુકાના શેડુભાર ગામેથી પસાર થતી ઠેબી નદી તેમજ ચિત્તલ મોણપુરથી પસાર થતી રઢીયાળી નદી આ બન્ને નદીમાં મહી પરીએજ લીંકમાંથી પાણી છોડ. હાલ ખેડૂતોને ખેતરોમાં ઓરવણાનું કામકાજ ચાલું છે સાથોસાથ વાવણી લાયક વરસાદ પણ ખેંચાઈ રહ્યો છે. જેથી કરીને ખેડૂતોમાં પણ મુશ્કેલી વધી છે. હાલ ખેડૂતોને પાણી ના તળ ઉડા જતા રહીયા છે. ઘણાખરા વિસ્તારોમાં ઓરવણા થયેલ દારમાં તેમજ કુવામાં પાણી જતા રહ્યા છે. જેને લઈને ખેડૂતો ખુબજ ચિંતામાં છે. શેડુભાર તેમજ આજુબાજુનાં ગામડાઓમાં જો આ બન્ને નદીમાં મહી પરીએજ લીંકનું પાણી છોડવવામાં આવે તો ખુબજ જાજા વિસ્તારોનાં ગામડાઓમાં ખેડૂતોને તેમજ ગામની અંદર ગામ તળમાં ખુબજ સારો ફાયદો થાય તેમ છે. જો આ બન્ને નદીમાં તાત્કાલીક પાણી છોડવામાં આવે તો ચિત્તલ, ટીંબા, મોટા માચીયાળા, નાના માચીયાળા, ભીલા, ભીલડી, ખીજડીયા–જંકશન, શેડુભાર તેમજ અંદરનાં તળમાં ઘણા જાજા વિસ્તારોમાં ગામડામાં પાણીની સમસ્યા હલ થાય તેમ છે. તાત્કાલીક બન્ને નદીમાં પાણી છોડાવવા અંતમાં માંગ કરેલ છે.





## રાજુલા નજીક આવેલ હિંડોરણા-વાવેરા માર્ગ ઉપરની ઘટના

# ધાતરવડી બ્રિજ ઉપરથી ટ્રક નીચે પડતા ચાલકનું મોત

**વ્હેલી સવારે પુલ ઉપરથી અચાનક નીચે પડતાં ટ્રકમાં વિકરાળ આગ લાગી**

**જોતજોતામાં ટ્રક ચાલક આગની લપેટમાં આવી જતાં જીવતો ભુજાઈ ગયો**

**આગ એટલી વિકરાળ લાગી કે ચાલકને બહાર નીકળવાની તક જ ન મળી**

**બનાવ અંગે સ્થાનિક પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી**



અમરેલી, તા. ૨૦

રાજુલા તાલુકામાં આજે વહેલી સવારે હિંડોરણથી વાવેરા રોડ ઉપર આવેલા ધાતરવડી બ્રિજ પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બ્રિજ પરથી એક ટ્રક નીચે ખાબકતાં તેમાં વિકરાળ આગ ફાટી નીકળી હતી. આગ એટલી ભીષણ હતી કે ટ્રક ચાલક બહાર નીકળી શકયો ન હતો અને આગની લપેટમાં આવી જીવતો ભુજાઈ ગયો હતો. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અફડાતફડીનો માહોલ સર્જાયો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર આજે સવારે અજાણ્યા કારણોસર ટ્રક ધાતરવડી બ્રિજ પરથી નીચે પટકાયો હતો. અકસ્માત બાદ ટ્રકમાં અચાનક આગ ભભૂકી ઊઠી હતી અને થોડી જ ક્ષણોમાં સમગ્ર ટ્રક આગની જવાળાઓમાં ઘેરાઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં પોલીસની ૧૧૨ અને ૨૦૮ ટીમો તેમજ ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી.

આગની ગંભીરતાને

**અનુસંધાન પાના ૬ ઉપર**

## દેશનાં રેલ્વેમંત્રીને પત્ર પાઠવીને કરી માંગ

# અમરેલીથી વિસાવદર સુધી બ્રોડગેજ રેલ્વે સુવિધા શરૂ કરો : ભાજપ પ્રમુખ કાનાણી

**આગામી દિવસોમાં રેલ્વેમંત્રીને રૂબરૂ રજુઆત કરાશે**

અમરેલી, તા. ૨૦

અમરેલીથી વિસાવદર ચલાલા ધારીની જનતા લાંબા સમયથી બ્રોડગેજ ટ્રેન સુવિધાની માંગણી કરી રહેલ છે. લોકોની માંગણી વ્યાજબી અને ખુબ જ ઉપયોગી પણ છે. ત્યારે ધારી, ચલાલા અને વિસાવદર સહીતના ગામડાઓના લોકોની પણ એક જ માંગ છે કે આ વિસ્તારને બ્રોડગેજથી સજ્જ કરવામાં આવે.



બ્રોડગેજ સુવિધાથી વંચિત અમરેલીથી વિસાવદર સુધીના વિસ્તારની અંદર બ્રોડગેજ સુવિધા આપવામાં આવે તો, સુરત અમદાવાદ વડોદરા મુંબઈ જેવા શહેરો સાથે કનેકટીવીટી મળશે. આ વિસ્તારનો વિકાસ વેપાર અને ઉદ્યોગને પણ લાભ રહેશે. આમ જોઈએ તો બ્રોડગેજની યોગ્ય માંગણી સાથે ધારી પત્રકાર સંઘે


**અનુસંધાન પાના ૬ ઉપર**

## ટેકાનાં ભાવે થતી ખરીદીની સિસ્ટમમાં સુધારો કરવો જરૂરી

# અમરેલી જિલ્લા સહિત સમગ્ર ગુજરાતમાં ખેડૂતોનાં હિતમાં મધ્યપ્રદેશ સરકારની જેમ ભાવાંતર યોજના લાગુ કરો

**પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઊંઘાડે ખેડૂતોનાં હિતમાં મહત્વનું સુચન કર્યુ**





વડિયા, તા. ૨૦

સમગ્ર દેશમાં ખેડૂતોના પરસેવાથી જે ખેત ઉત્પાદન ઉત્પન્ન થાય છે તેને યોગ્ય કિંમત મળે તે ખુબ જરૂરી છે. તેથી જ કેન્દ્ર સરકાર દ્વારા મિનિમમ સપોર્ટ પ્રાઈઝ(એમએસપી) જાહેર કરવામાં આવે છે. ગુજરાત સરકાર ખેડૂતોના કપાસ, મગફળી, ચણા, તુવેર જેવા પાકોની ટેકાનાં ભાવે ખરીદી કરે છે. આ ખરીદી પાછળ સરકાર જે તે સંસ્થાને આ કામગીરી સોંપે છે અને તેની ખરીદી કરે છે. તેમાં અને ફરી સરકાર આ ખેત ઉત્પાદન માર્કેટિંગ યાર્ડ કે બજારમાં વેચે છે ત્યારે આ ખેત ઉત્પાદનની ખરીદી અને વેચાણ પાછળ મોટો ખર્ચ કરવો પડે છે. જેમા બારદાન, માલ જોખવાની મજૂરી, માલ ચડાવવા ઉતારવાની મજૂરી, ગોડાઉન ભાડુ, દેખરેખ ખર્ચ,

**અનુસંધાન પાના ૬ ઉપર**












*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)